# સ્માર્ટફોન : અનિવાર્ય કે અનિષ્ટ છે

– હરેશ આઈ. દેસાઈ, એરૂકર

સ્માર્ટફોન એટલે શું ?

સ્માર્ટફોન એટલે ટચસ્ક્રીન ધરાવતું સાધન જે ઈન્ટરનેટ અને એપ્સની મદદથી બધા કર્યો કરી શકે છે.

**સ્માર્ટ એટલે કેવું ?**

સ્માર્ટનો અર્થ થાય : વિશિષ્ટ *(Specific)*, માપી *(Measurable)*, મેળવેલું *(Achievable)*, વાસ્તવિક *(Realistic)* અને સમયમર્યાદિત *(Time bound)* ના પેલા અક્ષરો લઈને બનતો શબ્દ !!!

આપણાં દેશમાં ઘણાંજ ઓછા લોકો સ્માર્ટફોનથી અજાણ હોઈ શકે કારણ કે આખા દેશમાં ૫૩ કરોડ લોકો એટલે જે અમેરિકન વપરાશકારોથી વધુ પણ, ચીનનાં વપરાશકર્તાઓ કરતાં ઓછા લોકો સ્માર્ટફોનનો વપરાશ કરે છે. એવું પણ કહેવાય છે કે ભારતમાં ટોયલેટ કરતાં સ્માર્ટફોનની સંખ્યા વધુ છે.

આજની નવી પેઢી તો કદાચ સ્માર્ટફોનનો પર્યાય બની ગઈ છે. ફોનકોલ્સ, ફોટો લેવો, સંગીત સાંભળવું, *GPS* વડે દિશા માર્ગદર્શન અને મુલાકાત અને સંપર્કોની જાળવણી જેવા કાર્યો સ્માર્ટફોન વડે થાય છે. આ ઉપરાંત વિશિષ્ટ એપ્સની મદદથી થતા કાર્યોની સુચી ૧૦૦૦૦ થી વધુ છે જેમાં નિરંતર વધારો થતો જાય છે.

દરેક સિક્કાની બે બાજુની જેમ સ્માર્ટફોન પણ ઈષ્ટની સાથે અનિષ્ટોથી મુકત નથી. આજની નવી પેઢી માટે સ્માર્ટફોન વ્યસન *(addiction)* અને વળગણ *(habituation)* સમાન છે. વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશન *(WHO)* 'હુ' એ અને એના માટે જે શબ્દ આપ્યો છે તે "ડીપેન્ડન્સ સિન્ડ્રોમ" *(Dependence Syndrome)* તેની અને તેની અસરોની આપણે ચર્ચા કરીશું.

"ડીપ્રેન્ડન્સ સિન્ડ્રોમ" એટલે એવું વસ્તુ આધારિત વ્યસન જેમાં વસ્તુ અથવા ડ્રગ એટલે સ્માર્ટફોન થી મળતુ મનોરંજન અને સંપર્ક *(Entertainment and Connectivity)*. સ્માર્ટ ફોનનો વપરાશકાર સ્માર્ટ ફોનનો વ્યસની નથી પણ એના દ્વારા મળતી માહિતી, મનોરંજન અને એના દ્વારા થતા સંપર્કોની વ્યસની છે.

સ્માર્ટફોનનું વ્યસન જાતિ તેમજ ઉંમર આધારિત છે. પુરૂષોની સરખામણીમાં સ્ત્રીઓની ટકાવારી વધુ છે. કારણ સ્ત્રીઓમાં સામાજિક તણાવ વધુ છે. ઉંમરવાળી વ્યકિતઓ અનુશાશિત હોય ઓછું વ્યસન ધરાવે છે. એક સર્વે મુજબ ભારતમાં ૧૧-૧૪ વર્ષના બાળકોમાં વ્યસનની ટકાવારી ૩૯-૪૪% જેટલી છે. હવે આપણે "ડીપેન્ડન્સ સિન્ડ્રોમ"ની અનિષ્ટ અસરો વિષે છણાવટ કરીશું.

**સામાજિક અસર (Social Effect)**

એક સર્વે મુજબ

૭૦% લોકો સવારમાં ઉઠયા બાદ માત્ર એક કલાકમાં સ્મ્રટફોન ચેક કરે છે.

૫૬% લોકો પથારીમાં જતા પહેલાં ચેક કરે છે.

૪૪% લોકો અઠવાડિયામાં સ્માર્ટફોન એકપણ વાર ન ચેક થાય તો ચિંતા *(Anxiety)* અને કંઈક અંશે ગુસ્સાની *(Irritation)* લાગણી અનુભવે છે.

૫૧% લોકો વેકેશન દરમ્યાન પણ સ્માર્ટફોન ચેક કરે છે,

આવા સ્માર્ટફોન ઉપભોકતા

ડીપર્સનલાઈઝેશન *(Depersonalization)* નામની માનસિક બિમારીના ભોગ બને છે જેમાં એ પ્રત્યક્ષ *(face to face)* વાતચીતને બદલે *SMS* અથવા વોટ્સએપ મેસેજથી વાતો કરશે. 'ડીપર્સનલાઈઝેશન' એટલે 'વ્યકિતત્વહરણ'

અરે ! કેટલાક કુટુંબોમાં ડાઈનીંગ ટેબલ પર બેઠેલા એક કુટુંબના સભ્યો પણ મેસેજથી વાતો કરે છે અને છુટા પડે છે. કેટલાક આ વિકૃતિવાળા હંમેશ ફોન પર વાતો કરવાનો અથવા જુદી જુદી એપ્સમાં ફાંફા *(Surfing)* મારવાનો ડોળ *(preretend / simulate)* કરે છે અને પત્યક્ષ (eye-to eye) સંપર્ક ટાળવાનો મિથ્યા પ્રયત્ન કરે છે. ટૂંકમાં આવી વ્યકિતઓ ફેઈસ ટુ ફેઈસને બદલે ટેક્ષ આધારિત વાર્તાલાપમાં મગ્ન રહે છે.

**આરોગ્ય સંબંધી અસરો**

સ્માર્ટફોનનો વધુ પડતો લગાવ, આરોગ્ય સંબંધી મુશ્કેલીઓ ઉભી કરે છે.

એવું કહેવાય છે કે ૬ સ્માર્ટફોનમાંથી ૧ સ્માર્ટફોન મળમુત્રની અશુધ્ધી ધરાવે છે. ટોટલેટની બેઠક કરતાં સ્માર્ટફોનનું કીબોર્ડ વધુ બેકટેરિયા ધરાવે છે!!! દા.ત. ઈ-કોલી *(E-coli)* નામના બેકટેરિયા જે માનવમળમાં હોય તે સ્માર્ટફોન પર મળી આવે છે. આ બેકટેરિયા તાવ, ઉલ્ટી અને અતિસાર માટે જવાબદાર હોય છે. હોસ્પિટલમાં કામ કરતી વ્યકિતઓનાં સ્માર્ટફોન બેકટેરિયાનાં ઉછેરના સ્થળ *(breeding palace)* છે અને ઉપભોકતા બેકટેરિયાનાં ફેલાવા માટે વાહકનું કામ કરે છે.

'હુ' સંસ્થાના અહેવાલ મુજબ સ્માર્ટફોનમાં વપરાતા વધુ આવૃતિવાળા રેડિયો તરંગ, માનવ મગજ અને કરોડરજ્જુમાં ગ્લીઓમા *(glioma)* ટ્યુમર નિપજાવી શકે છે. સ્માર્ટફોનનાં વ્યસનીઓમાં માથાનો દુઃખાવો, સ્મૃતિભંશ *(Impaired Memory)* થાક, એકાગ્રતાનો અભાવ *(lapse of concentration)*, ચકકરર આવવા *(dizziness)* અને ઉંઘની વ્યગ્રતા જેવા લક્ષણો સામાન્ય બાબત છે.

પથારીમાં જતા પહેલાનો સ્માર્ટફોનનો ઉપયોગ અનિંદ્રા *(insomnia)* નો વ્યાધિ કરી શકે છે.

વાસ્તવમાં સ્માર્ટફોનનો અતિઉપયોગ માનવ મગજમાં 'મેલાટોનિન' નામના રસાયણોનો સ્ત્રાવ ઘટાડે છે જે ઊંઘનો સમયગાળો અને કવોલીટી *(Quality)* ઘટાડે છે.

'હુ' ના અહેવાલ મુજબ આ બધી મુશ્કેલીઓ માંથી બચવા કોલટાઈમનો ઘટાડો, ટેક્ષ મેસેજનો વધુ ઉપયોગ અને 'લો-સીગ્નલ' વડે વાતચીત ન કરવી જરૂરી છે.

**મનોવૈજ્ઞાનિક અસર (Psychological Effect)**

મનોવૈજ્ઞાનિકો સતત કહી રહ્યા છે કે સ્માર્ટફોનનો અતિરેક અને ડીપ્રેશન *(Depression)* વચ્ચે સંબંધ છે. કેટલાંક સંજોગોમાં સ્માર્ટફોન અતિરેક ડીપ્રેશન માત્રા વધારી ઉપભોકતા ને આપઘાતની પ્રેરણા આપે છે !!! ખાસ કરીને નવયુવકો અને બાળકોને.

આ માટે તેઓ એવો મત વ્યકત કરે છે કે માનસિક આરોગ્ય માટે માનવો વચ્ચે ક્રિયા-પ્રતિક્રિયા *(Interaction)* જરૂરી છે. જે સ્માર્ટફોનના અતિરેકથી તેમને વંચિત રાખે છે. "જેમ સ્માર્ટફોનના સ્ક્રીનને નિહાળવાનો સમય વધુ તેમ હતાશા અથવા ડીપ્રેશનના લક્ષણો દેખાવાની શકયતા વધુ.

'નિરાશા' *(Disappointment)* કરતા 'હતાશા' *(Depression)* વધુ ખતરનાક અને તીવ્ર *(Intense)* હોય છે.

મનોવૈજ્ઞાનિક નાન્સી કુલિયર જણાવે છે

"દુનિયામાં અનેક લોકો સ્માર્ટફોનનું વ્યસન ધરાવે છે પરંતુ આપણી આંખોને અને ખાસ કરીને આપણા મગજને આરામની જરૂરિયાત છે. *(Relaxation) "Our Nervous System never shuts down and it is in constant high mode. We are wired and tired all the time. Even computers reboot but we are not doing"*

**વિચલિત ડ્રાઈવિંગ (Distracted Driving)**

ડ્રાઈવિંગ દરમ્યાન સ્માર્ટફોન પર વાતચીત અને ટેક્ષ્ટીંગ એટલે અકસ્માતને હાર્દિક આમંત્રણ

એક સર્વે મુજબ કોઈપણ ક્ષણે અમેરિકામાં ૬,૬૦,૦૦૦ વ્યકિત ડ્રાઈવિંગ સાથે સ્માર્ટફોન પર વાર્તાલાપ, એમ બે ઘોડે સવારી કરે છે.

આપણા દેશમાં જ્ઞાત હોવા છતાં ૬૦% લોકો, મોબાઈલ કોલના જવાબી કોલ માટે સલામત સ્થળે વાહનને ઉભુ રાખવાની તસ્દી લેતા નથી.

ઓડિશામાં ૨૦૧૬માં એક બસ ડ્રાઈવર મોબાઈલ પર વાત કરતા કરતા પુલ પરથી બસને નદીમા ખાબકાવી દે છે. પરિણામે ૧૯ મુસાફરોના મૃત્યુ.

૨૦૧૪માં મેડક જિલ્લો આંધ્રપ્રદેશમાં સ્કૂલ બસ ડ્રાઈવર સ્માર્ટફોન પર એટલા ઓતપ્રોત છે કે માનવરહિત ફાટક પર બસને ટ્રેન સાથે ભટકાવી દે છે. પરિણામ ૨૦ બાળકોનાં દર્દનાક મૃત્યું.

આવા સમાચારો આજે છાશવારે સમાચારપત્રમાં પહેલે પાને સ્થાન મેળવે છે પણ *mobile mania* અટકવાનુંનામ લેતો નથી.

**સાયબર ક્રાઈમ** *(Cyber Crime)*

ઉપભોકતાઓ *Laptops* અને *Desktop* ની જેટલી સંભાળ લે છે તેટલી સંભાળ સ્માર્ટફોન માટે નથી લેતાં કારણ કે સંભવિત ખતરાઓનું જ્ઞાન જ હોતુ નથી. પરિણામે સાયબર ગુનેગારો માટે સ્માર્ટફોન 'સોફ્ટ ટાર્ગેટ' છે. અને અહિંથી શરૂઆત થાય છે સાયબર ક્રાઈમની આ એક વિશિષ્ટ છણાવટનો વિષય છે. ઉપભોકતાઓ ખાસ કરીને બાળકો સામાન્ય માહિતિ પણ ધરાવતા નથી.

વાસ્તવિકતા એ છે કે *"Smart phones know everything about us and for a cyber criminal waiting to commit identity theft, a smart phone is a goldmine"*

આપણા વોલેટનો રસ્તો સ્માર્ટફોનમાંથી પસાર થાય છે. સ્માર્ટફોન જાણે છે તમે કયાં છો અને શું કામ કરો છો. બ્લ્યુટુથ અને બ્લ્યુબર્ગીંગની મદદથી સાયબરગુનેગાર તમારા ફોનનો સંપૂર્ણ કબ્જો લઈ શકે છે. સાયબર ગુનેગારો 'સ્પામ' ની મદદથી ઘણાં 'સ્કેમ' અને 'સ્કેન્ડલ' ને અંજામ આપે છે.

કેટલાંક નવયુવાન વપરાશકારો જેઓ ગુનાઈત માનસ ધરાવતા હોય તેઓને માટે સ્માર્ટફોન એમની વિકૃતિ પોષવાનું આદર્શ માધ્યમ છે.

ફેસબુક, ટવીટ્ર, યુ-ટયુબ, ઈન્સ્ટાગ્રામ, ક્રેગલિસ્ટ, ફોર સ્કેવર જેવાં સોસિયલ મીડિયાને મલિન કરનાર મનોવિકૃતો અતે કાળાઘઅટાંની *(black sleep)* આપણાં સમાજમાં કરી નથી જેમને ઓળખવાની તાતી જરૂરિયાત છે જે સામાન્ય ઉપભોકતા ચુકે છે અને બેદરકારીની ઉંચી કિંમત ચુકવે છે

છેલ્લે...

*"Advice is such a commodity, which everyone likes to give but nobody to receive, After all choice is yours, which way to go".*

સ્માર્ટફોન બેધારી તલવાર છે. એનો સંતુલિત *(balanced)* અને સમજદાર *(judicious)* ઉપયોગ ઉપભોગતાને વિકાશશીલ બનાવી શકે છે એનું વ્યસન નવયુવકો માટે હેરોઈન, ચરસની જેમ અધોગતિની ગર્તામાં ધકેલી શકે છે. ■

# હે મોબાઈલ !

મા-બાપ , વડીલ, ગુરુ કે ગોવિંદનું સ્થાન માનભેર ઝૂંટવી લેનાર કે પચાવી પાડનાર હે મોબાઈલ તારાં ચરણોમાં વંદન હો ! રાત-દિવસ, અહર્નિશ તારું ધ્યાન ધરતો બે ધ્યાન બનેલા એક પામર, મન-મગજ પર કાબૂ વગરના એક નાચીઝનાં તને પ્રણામ.

હે મોબાઈલ ! તને થશે કે અચાનક જ આ દોઢસો ગ્રામની આજુબાજુ વજન જાળવી રાખનાર મારા જેવા નિર્જીવની સામે સો બસો કિલોના આંકડાની આસપાસ વજન ન જાય તેની કાળજી રાખનાર, કાળા માથાનો બાહુબલિ કેમ આજે પામર જીવ બનીને મારા ચરણોમાં આળોટવા બેઠો ? તો વાત એમ છે કે સતત તારી સેવા મેળવતા અને સતત તારા સંગમાં રહેતા મને એવું-એવું આત્મજ્ઞાન મળ્યું છે, જે આજ સુધીના કોઈ ગ્રંથમાં કે કોઈ પ્રવચનમાં નથી મળ્યું. એ બદલ આજે તારો આભાર માનું.

હે મારા પરમ મિત્ર મોબાઈલ ! મેં જોયું છે કે તે ભલભાલા અભિમાનીઓની અકકડ ડોકને કલાકો સુધી ઝુકેલી રાખી છે. બે ઘડી શાંતિથી ન બેસી શકતા વચક વાંદરા જેવા બાળકોને, યુવાનોને કે હવે તો ઘરડાઓને પણ એજ જ જગ્યાએ ચિટકી રહેવાની આદત પાડી દીધી છે. વગર કોઈ સલાહ-સૂચન કે ધમકીએ ! વાહ ! બીજાઓ શાંતિથી એમનું કામ કરી શકે એ ખાતર કેટલી ખટપટ, કચકચ ને અશાંતિનો તેં એક ઝાટકે ખાતમો બોલાવી દીધો !

તને ખબર છે મોબાઈલ ? જે લોકો તને બહુ કોસે છે કે બહુ ગાળ આપે છે ને, એમને જ તારા વગર ઘડીભર ચાલતું નથી ! સતત વહુ પર નજર રાખતી સાસુ, કે પછી સાસુને ડરાવ્યા કરતી વહુને હવે મોબાઈલમાંથી ઊંચુ જોવાની ફુરસદ નથી. 'પરસ્પર એકબીજાને ડરાવતા રહેતાં મા બાપને બાળકોને પણ ધંધે લગાવી દીધા.' પુરુષવર્ગને, જમવામાં મળતી બેસ્વાદ રસોઈ કે કાચીપાકી રોટલી ખાધાની સૂધ નથી રહેતી. ધારો કે, કંઈક ધ્યાનમાં આવે તો પણ તું એવો કોઈ મેસેજ કે ફોટો એમને મોકલી દે, કે બિચારા કહેવાનું જ ભૂલી જાય ! તોય જો યાદ રાખીને ટોકટાક ચાલી તો સામે પક્ષે કોઈ જોવા કે સાંભળવા પણ નવરું હોવું જોઈએ ને ?

આમ નાની નાની વાતોએ થતા રહેતા કુટુંબ -કલહોને તેં ઊગવા જ નથી દીધા, યા ઊગતા જ યા તો ઊગ્યા પછીય પળ વારમાં ડામી દીધા છે ! આ સદીનો આ મહાન ચમત્કાર નથી તો શું છે

અરે મોબાઈલ ! તને શું કહું કે તેં કેવા કેવા ચમત્કારો અમારી જિંદગીમાં આણ્યા છે ? ભૂખ-તરસ અને ઊંઘનું આખું ગણિત તે બદલી નાંખ્યું છે. જેમને વારેવારે ભૂખ લાગતી કે સમયસર ખાવા કે ઊંઘવાનું જેઓ મિથ્યાભિમાન રાખતાં, એમનું ગુમાન તેં પળવારમાં ઉતારી દીધું. સતત બોલ-બોલ કરતી વ્યકિતને તે શાંત કરી દીધી ! રડતાં બાળકોને તે પળવારમાં ખુશ કર્યાં અને એ બહાને એમનાં મમ્મી-પપ્પાઓને પણ ગર્વ લેતાં કર્યા કે, 'અમારા દિકુને તો મોબાઈલ વગર ચાલે જ નંઈ.' આબાલવૃદ્ધ સૌને ટેકનોલોજીને સહારે ભવસાગર પાર કરવવામાં તારો અદ્ભુત ફાળો સોનેરી અક્ષરે સેવ કરાશે.

હે મોબાઈલ ! આવા તો અસંખ્ય ફાયદાઓમાંથી માંડ યાદ આવ્યા તેટલા ફાયદા ગણાવ્યા. મને મારા અવગુણ જોવાની ટેવ નથી એટલે જે જુએ એને મુબારક. હું તો તારા ગુણ ગાઈને તને પ્રણામ જ કરીશ, પ્રણામ !

બે ઘડી શાંતિથી ન બેસી શકતા વચક વાંદરા જેવાં બાળકોને, યુવાનોને કે હવે તો ઘરડાઓને પણ એક જ જગ્યાએ ચિટકી રહેવાની આદત પાડી દીધી છે. ■

# સરસ્વતીચંદ્ર વિશે મણિભાઈ નારણજી તંત્રી

ગુજરાતી નવલકથાના સાાહિત્યમાં આ એક જ નવલકથા છે, જેને કસોટી પર લેવાનું ટીકાકારાને મન થાય છે.

આ પ્રખ્યાત સ્વરચિત અને સ્થિતિસૂચક નવલકથાનો પ્રથમ ભાગ ઈ.સ. ૧૯૮૭માં પ્રગટ થયો હતો અને ત્યારબાદ દારત જ એ પુસ્તક સમસ્ત ગુજરાતી પ્રજામાં એકસરખી રીતે પ્રિય થઈ પડયું છે. વાચકને જયારે જયારે એનું સ્મરણ થાય છે ત્યારે ત્યારે તેના મગજમાં આનંદની ઊર્મિ પ્રસરી રહે છે. આટલો બધો ઐન્દ્રજાલિક રસ એ પુસ્તકની ઉત્તમ વર્ણનશૈલી અને તજ્જન્ય સાક્ષાત્કારને લીધે છે. વર્ણનનો વિષય પ્રસંગ હોય કે પાત્ર હોય, મનોવિકારનું માનસિક યુદ્ધ હોય કે એક જ વિકારની પરાકાષ્ઠા હોય, પરંતુ એકસરખી નિપુણતા શ્રી ગોવર્ધનરામ દાખવે છે. એટલે વિષયની સાક્ષાત્કારતા જે નવલકથાઓનો ઉત્તમોત્તમ ગુણ છે તે ગોવર્ધનરામની લેખિનીનો અનુચર છે. સાહિત્યના ઉપાસકોને જ્ઞાન થયું હશે કે સમસ્ત નવલકથાના સાહિત્યનો સામાન્યતઃ ઉત્તમલક્ષણ-સંપાદક અને વિશેષતઃ સર્વાનુભવરસિક નવલકથાકાર આ એક જ છે.

આ નવલકથામાં આધુનિક સમયની કેટલીક કુલીન વ્યકિતઓનું, તેમની ઉમદા ભાવનાના વિકાસપ્રવાહનું અને પ્રસંગોપાત્ત અનેક પ્રકારના સામાન્ય મનુષ્યોની જિંદગીનું રસિક વિવરણ કરવામાં આવ્યું છે. પરંતુ છેલ્લા ભાગમાં વિકાસ અને તત્વજ્ઞાનના ઉલ્લેખ પર અતિશય લક્ષ આપવામાં આવ્યું છે.

**(૧) કલ્પના :**

પુસ્તક ચાર ભાગમાં લખાયેલું છે અને તે દરેકનો વિષય બોધક હેતુની દ્રષ્ટિએ જોતાં નિરાળો પાડી શકાય છે. સૌથી પહેલું લક્ષણ જે વાચકનું ધ્યાન આકર્ષે છે તે એની વર્ણનશૈલી છે, અને તેને ફકત મોહક જ કહીએ તો અભિપ્રાય સમાપ્ત થઈ જાય છે. વર્ણનો જોઈએ તેટલાં વિસ્તૃત છે. વાકયો ધ્વનિયુકત અને સ્પષ્ટાર્થી છે. અને એવાં વર્ણનો લેખકની કવિત્વશકિતની સારી સાબિતી આપે છે. કેટલીક જગ્યાએ તો વર્ણનો એવાં સરસ છે કે તેને છૂટાંછૂટાં ગદ્યરૂપી કાવ્યો કહી શકાય. વસ્તુસ્થિતિનું અવતરણ રસિક રીતે વાચકના મત આગળ ખડું થાય છે અને વાચકને પાત્ર અથવા પ્રસંગના વિકાસ માટે કલ્પના કરવાની જરૂર પડતી નથી. સૃષ્ટિવર્ણન પરથી પાત્રના વર્ણન પર, માત્ર ઉપરથી તેના સ્વભાવ ઉપર અને ઉપરથી તેની સામન્ય તુલસના ઉપર ગંથકર્તા એવી અસ્ખલિત રીતે ઊતરી પડે છે કે વાચકનો રસ વધતો જાય છે, અને અંતે એ પાત્રની સ્થિતિનું વાચકના હૃદયપિંજરમાં ઘેરાઈ જાય છે.

મનોવિકારનાં વર્ણનમાં છે એવી જ દક્ષતા કુદરતના અને પદાર્થના વર્ણનમાં થાય છે. ભૂપસિંહના રાજમહેલની વિચિત્ર બાંધણીનું વર્ણન કર્યા પછી લખે છે : ‘કન્યાવય ગયા છતાં પણ ઘાટડીચણિયો પહેરનારી કાઠિયાવાડની કદાવર સ્ત્રીના જેવો રાજમહેલનો દેખાવ હતો. ફરતી મોટી ભીંત કાળા પટાવાળા ધોળા ચણિયાના ઘેર જેવી લાગતી હતી. રાતી ભાતવાળી, કરચલીવાળી, લીલાછમ ઘાટડી શરીર ઢાંકી નેફા ઉપર વેરાઈ રહે તેમ ભીંતના કાંગરા પર ઝાડો દેખાતાં હતાં, અને તેમનાં શિખર પર લીલો ગોળાકાર રચતી શાખાઓ લીલી ઘાટડીમાં ઢંકાયેલા સ્તનમંડળનો આભાસ ઉત્પન્ન કરતી હતી. સૌને માથે માથાની

પેઠે મહેલના માળ દેખાતા હતા, અને તીવ્ર કટાક્ષ મારતી ચળકતી આંખોની પેઠે કાચગૃહ તેજ મારતું હતું. એ નારીની સેંથીના આગલા છેડાપર બોર મૂકયું હોય તેમ કાચગૃહ ઉપર અગ્રભાગે ઊડતોઊડતો પોપટ આવી બેઠો હતો. રંગીન કાચ મોં પરના છૂંદડાં-ત્રાજવાં-જેવા લાગતા હતાં." (૧.૧૩૧)

આ પ્રમાણે અગ્રાહ્ય વિષયને ગ્રાહ્ય કરવા તથા નિર્માલ્યને પ્રૌઢ કરવાના પ્રયાસમાં શ્રી ગોવર્ધનરામ સમાન પ્રાવીણ્ય દર્શાવે છે. એમ તો ખરું કે વર્ણનો એટલાં વિસ્તીર્ણ છે કે વાચકને વિષયને અંગે અનુમાન કરવાનો અવકાહા રહેતો નથી, પરંતુ કોઈ પણ પ્રકારની પુનરુકિત પણ થતી નથી. વિષયને અંગે અવારણીય વ્યજંના ઉત્પન્ન કરવી અને તેને જ અંગે વ્યજંનાનો અવકાશ ન રહેવા દેતાં વર્ણનો વિસ્તૃત લખવાં એ બે ગુણ સહાધ્યાસી હોઈ શકે નહીં.

"વર્ણનો વાંચનારની દ્રષ્ટિ આગળ મૂળ સ્વરૂપ સાક્ષાત્કાર કરાવી શકતાં નથી" એમ રા. વિશ્વનાથ કહે છે. એ મતને અમે અનુકૂળ થઈ શકતા નથી. રાજેશ્વરના વર્ણનમાં શી શૂન્યતા રહી છે તેસમજી શકાતું નથી, કારણ કે દરેક અનગત્ય કુતૂહળનું સમાધાન કરવામાં વર્ણનો કેટલાં કિલષ્ટ થઈ જાય છે એ વિચારવાનું છે. વળી "વર્ણનો સામાન્ય અને નિર્મળ છે" એ દોષમાં પણ રા. વિશ્વનાથી સાથે એકમત થઈ શકતા નથી. 'સરસ્વતીચંદ્ર'માં આપેલાં વર્ણનો જો સામાન્ય અને નિર્બળ ગણાય તો એ દોષ દૂર કરવા 'કાદંબરી' ની પુનર્જીવિત કરવી પડે, પરંતુ હાલ તો અસાક્ષરવર્ગમાં પણ અદ્‌ભુતરસ વાંચવાની વૃત્તિ નષ્ટ થવા લાગી છે. 'કુતૂહળ તૃપ્ત થયા પછી પણ અલંકારનું પૂરણ થતું જાય છે' એ આરોપ માટે અમારી ઉપરની ટીકામાં જવાબદારી છે. સ્વભાવસૂચક નામ આપવું એ નિયમ કોઈ પણ રસિક વાચકને ગમનો નથી. તેથી મૂર્ખદત્ત, બુધ્ધિન, પ્રમોદધન વગેરે નામોને ઠેકાણઅ બીજા કંઈ અપાયાં હોત તો સારું.

**(૨) વસ્તુ સંકલના અને કલાવિધાન :**

વર્ણનકૌશલ્યનો વિષય પૂરો કરી બીજી બાબતો પર દ્રષ્ટિ કરતાં વધારે દૂષણો માલૂમ પડશે અને સામાન્ય રીતે એવુંબને છે કે પ્રથમોકત ગુણના પ્રભાવને લીધે બીજા દોષો ઢંકાઈ પણ જાય છે. વસ્તુસંકલનમાં શો દોષ છે તે જ દર્શાવવાથી બાકીનું દોષહીન છે એમ સમજી લેવાશે. રા. વિશ્વનાથે જે વાંધો ઉઠાવ્યો છે તે બરોબર છે. "પ્રથમ ભાગપર દ્રષ્ટિ રાખતાં આ કથાનો નાયક સરસ્વતીચંદ્રને ગણવો કે બુધ્ધિધનને ?" કારણ કે બુધ્ધિધનનો કારભાર સરસ્વતીચંદ્રે જોયો એ સિવાય બીજો સંબંધ તેને એ કારભારના ઈતિહાસ જોડે જણાતો નથી. "બેટા ટીકા જોકે પહેલા ભાગના બહાર પડયા પછી તરત જ કરવામાં આવી હતી તોપણ તે સકારણ રહી છે. સરસ્વતીચન્દ્રે જુદાજુદા સ્વભાવ અને જનસ્થિતિ શી રીતે અને કેવી લાગણીથી જોયાં તે દેખાડવાનો ઉદ્દેશ હશે, પરંતુ એની કથાની ગતિ અતિશય મંદ થઈ ગઈ છે, અને બધું જોતાં પુસ્તકના કદનાં પ્રમાઝમાં નાયકની પ્રવૃત્તિનો કાર્યક્રમ ઘણો ટૂંકો છે, અને બીજાં પાત્રો અને તેમના પ્રસંગોના વર્ણન મોહક ન હોત નો વાચકને આ દોષ અક્ષમ્ય લાગત, તોપણ આ ન્યૂનતા એક મોટો દોષ છે. નવલકથાની વસ્તુનું પોષણ કાર્યક્રમના આનુક્રમિક વિકાસની સહાયથી થવું જોઈએ અને એ પ્રમાણે રસભૂતિ થવી જોઈએ તેને બદલે ગોવર્ધનરામના લેખનની રસભૂતિ કેવળા વર્ણનકૌશલ્યને લીધે થયેલી જણાય છે, તેથી ભાષાનું લાલિત્ય અને જનસ્વભાવના નિરીક્ષણ સહિત પાત્રની

સાક્ષાત્કારતા એમના લેખનમાં ન હોત તો આ કથા લોકપ્રિય થઈ શકત નહીં એ પૃથકકરણ લક્ષમાં રાખવા જેવું છે.

'સરસ્વતીચન્દ્ર' ના પહેલા બે ભાગ એટલા અસંખ્યબદ્ધ છે અને બીજા બે ભાગનાં પ્રકરણો એટલાં દૂરસ્થ સંબંધે છે કઅ એના ભાગ પાડવામાં આવ્યાથી એ અસંબદ્ધત્વ જોઈ શકાતું નથી. 'ગુણસુંદરીનું કુટુંબજાળ' નામનું બીજું પુસ્તક 'સરસ્વતીચંદ્ર' નામની નવલકથામાં કેવળ અસ્થાને છે : સરસ્વતીચંદ્રથી અસંબદ્ધ જેવા થયેલાં કુટુંબની તવારીખ અને તે પણ એટલી સવિસ્તર છે કે તેને સ્થાને સરસ્વતીચંદ્રની યુવાવસ્થાની ભાવનાના વિકાસનું આલેખન દસ ગણી આવશ્યકતાવાળું ગણી શકાય. બીજા ભાગની રાહ જોઈ રહેલા વાચકોમાંથી કોઈએ કહ્યું હશે કે "ભાઈ, સરસ્વતીચન્દ્રની વાત તો થોડી જ આવવાની." ત્યારે ટીકાકારે એમ તો કહેવું જ જોઈએ કે કથાનું સ્વરૂપ લુપ્ત થવા માંડે છે અને વાર્તાપ્રવાહ અતિશય સ્તબ્ધિ પામે છે. એક વાર્તાની વચ્ચે અનેક વાર્તા દર્શાવવાનો નિયમ જે લેખક જણાવે છે તે બેશક સારો છે, પરંતુ વાર્તાના નાયકનું દર્શન પ્રધાનપણે આવવું જ જોઈએ.

એક બીજો અક્ષમ્ય જેવો દોષ છે તે પણ આ સ્થળે જણાવવો ઉચિત છે. પહેલા ભાગમાં અલકકિશોરી અને જમાલિયાંનો જે પ્રસંગ આપેલો છે તે પ્રસંગ દોષરહિત ગણી શકાય એમ લાગતું નથી. એવા અધમ પ્રસંગથી ઉચ્ચ રસિકતાને નુકસાન થયું છે, અને ત્યાર પછી પ્રકટ થયેલી ટૂંક બુદ્ધિના લેખકોની કથામાં એના સંસ્કાર ઊતર્યા નથી એમ સાબિત કરવું મુશ્કેલ થઈ પડશે. ,ાદર પ્રકરણને યથાતથા બનાવલો આદર્શ ગણવામાં આવે તોપણ ભાવનાથી અતિસિકત આ નવલકથામાં એ પ્રકરણ અસ્થાને છે અને વળી "અલકકિશોરીના ઉન્મતપણાનું પરિણામ" આ જ હોય એમ માનવું વિષમ લાગે છે. એક સપ્રમાણ લેખક અકથ્થ વાસ્તવિકતાનું ફકત તિરસ્કારયુકત ભાન આપવાને બદલે વર્ણન કરે એ રસિક વાચકને ખેદ પમાડે છે. સામાન્ય વર્ગના વાચકની અને કુમળી વયના જુવાનિયાની મોજશોખની દુષ્ટ કલ્પના કરવાની ખાનગી ટેવને આવાં વર્ણનો ટીખલી કરે છે. મનુષ્યના મનની ગતિ, પ્રવાહિ પદાર્થની (ગતિ) ના જેવી છે. નીચે જવાનું વલણ સ્વાભાવિક હોય છે પરંતુ ઉંચે લઈ જવા માટે નિરંતર પ્રયાસની જરૂર છે, અને નવલકથાના લેખકે વાપરવાની યુકિતઓમાં આ પણ એક છે કે સારા અને બૂરા બેઉ પ્રકારના પ્રસંગોમાંથી ભાવમયતાનું ઉત્તેજન દાખવવું

**(૩) પાત્રતા :**

આ પુસ્તકના અવલોકનની શરૂઆતમાં જ કહેવામાં આવ્યું છે કે વિષયની સાક્ષાત્કારતા ગોવર્ધનરામતી અનુચરી છે. નસ્વભાવચિત્ર અથવા પ્રસ્તુત વિષય સંબંધે કહીએ તો, પાત્રતામાં પણ આ ગુણ મૂર્તિમાન છે. પાત્રના પ્રકારમાં, કપટકલાથી અતિસિકત એક હિંદી રાજસ્થાનનો દીવાન હોય કે સાત રૂપિયાના પગારનો ચપરાસી હોય એક કુલીન અને પૂજય સ્રીરત્ન હોય કે પ્રૌઢ જનસમાજના સંસર્ગ વિનાની ભોળી બટકબોલી એક બાઈડી હોય, પરંતુ એ સર્વની સાક્ષાત્કારતા સઘન છાપ પાડે છે. તુલસા રચી જોવાથી માલૂમ પડશે કે પુરુષપાત્ર કરતાં સ્રીપાત્રના ચિત્રમાં ગોવર્ધનરામ વધારે કાબેલિયત ધરાવે છે.

આ નવલકથામાં દસબાર પાત્રો વાંચનારના મનમાં સહવાસી થાય એવાં છે, પરંતુ તે સર્વનું વિવેચન કરતાં પુષ્કળ પાનાં રોકાઈ જાય એમ છે. ગોવર્ધનરામ ત્રિપાઠીનું જનસ્વભાવજ્ઞાન બહુ વિશાળ હતું એમ જણાય છે. ચરિત્રના ઉદ્‌ભેદનું

શિક્ષણ પણ સાથેસાથે સારો આવિર્ભાવ પામે છે. પાત્રોની સાક્ષાત્કારતા મનહર છે અને નવલકથાના આનંદ અને બોધ ચિરકાલીન થઈ શકે છે તેનું ઉદાહરણ આ 'સરસ્વતીચન્દ્ર' છે.

**(૪) બોધક હેતુ :**

આ પુસ્તકના બોધક હેતુની ચર્ચા કરવામાં તેની અયોગ્યતા પર વાંચકનું જ મન એકદમ કૂદે છે એમ માની અયોગ્યતાના પ્રશ્નનું પ્રથમ વિવેચન કરવામાં આવે છે. 'સસ્વતીચંદ્ર'ના બોધક હેતુમાં કોઈ પણ વિવેકી અથવા અવિવેકી ટીકાકાર દોષ સૂચવવા તત્પર થાય તો તે એકદમ કહી શકે કે આ ગ્રંથમાં પુષ્કળ બોધ આપવામાં આવ્યો છે અને તે પણ ઘણી વખત અયોગ્ય સ્થાને અને અયોગ્ય વિસ્તારથી આપવામાં આવ્યો છે. ત્રીજા ભાગમાં આવતુંલક્ષ્યાલક્ષ્યનું પ્રકરણ, ચોથા ભાગમાં આવતાં મહાભારતનો અર્થવિસ્તાર અને સનાતન ધર્મનાં પ્રકરણો આ પ્રકારનાં છે. વિષયના અવતરણની પદ્ધતિ એવી છે કે ગ્રંથમાં જે ભાવમયતા નિરૂપિત છે તેને અંગે ઉક્ત પ્રકરણો માટે અસત્ય કૌતુકમયત્વનો આભાસ થતો નથી, પરંતુ એ જ પ્રકરણોને માટે વાંધો છે કે વાસ્તવિકતા અને ભાવમયતાનું મિશ્રણ અરુચિકર થાય છે. મલ્લમહાભવનનું અતિ પ્રૌઢ આલેખન આવા અસત્ય અથવા અપ્રબોધક મિશ્રણવાળું છે. આ ત્રણ ઉક્ત પ્રકરણોનું મહત્ત્વ કોઈ બીજા નામવાળા ગ્રંથમાં પુષ્કળ થઈ પડે એમાં કહેવા જેવું નથી. પરંતુ આ પ્રકરણોને લીધે જે વાચકો આ નવલકથાને વખાણે છે તેમની મોટી ભૂલ છે. નવલકથાકારના આ બોધક હેતુને લીધે વાસ્તવિકતા અને ભાવમયતાનું અસત્ય મિશ્રણ થયું છે અને અર્વાચીન સાહિત્યના પ્રખ્યાત કાનૂનોનું *(well known canons of modern art[૧])* ઉલ્લંઘન થયું છે, એટલું જ નહીં પણ કાર્યપ્રવાહ મંદ થયો છે, રસની પણ ક્ષતિ થઈ છે, અને ગ્રંથકારનું પોતાનું "ઈશ્વરરલીલાનું સદર્થે ચિત્ર આપવું" એ વાક્ય નિરર્થક થયું છે. 'સરસ્વતીચન્દ્ર'ને ગ્રંથકારે પોતે નવલકથાના પ્રકારમાં મૂકયું છે, અને તેથી આવા વિષયોનું અવતરણ કરી નવલકથા તરીકેનું એનું મૂલ્ય ઓછું કર્યું છે, વળી એ ગ્રંથકારે ટીકાકારને નવલકથાનું સ્વરૂપ સમજાવવા યત્ન કીધો છે તેથી તો આ દોષનું સ્વરૂપ વધારે ગંભીર થયું છે એમ ભાર મૂકીને કહેવામાં આવે છે. સંસારનો ત્યાગ કર્યા પછી સરસ્વતીચંદ્રની પ્રવૃત્તિ કેવા પ્રકારની થાય છે તે જાણવા વાચક અત્યુત્સુક હોય છે તે વખતે સરસ્વતીચંદ્ર એક પોટકું છોડીને પચાસ પાનાં ભરાય એટલા જે કાગળો વાંચે છે તે જ લખવામાં આવ્યા છે. કાગળોમાંની હકીકત વાંચવા જેવી છે કે નહીં, તેથી વાચકને રસોત્પત્તિ થાય છે કે નહીં, એ પ્રશ્ન આ વિવેચનમાં અસ્થાને છે. મનુષ્યકર્તવ્ય અને જ્ઞાનના સંબધે જે-જે પ્રકરણો આ પુસ્તકમાં છે તે તે દરેકના સંબંધે ઉપરની જ ટીકા કામે લગાડવામાં આવે છે કારણ એ છે કે વિષયમાં જે કૌતુકમયત્વનું આરોપણ હોય તે કૌતુકમયત્વથી ઉત્પન્ન થતી ઉત્સુકતાના પરિણામે, કાર્યપ્રવાહની ત્વરા હંમેશ હોવી જોઈએ. 'સરસ્વતીચન્દ્ર'માં તેમ થયું નથી પરંતુ રસ ઉત્પન્ન કરે એવી વિવિધ ચર્ચાઓનું આલેખન થયું છે. કાર્યપ્રવાહમાં સ્તબ્ધિ થઈ છે અને અંતે મનોરંજક સમાપ્તિ થઈ નથી એમ જણાઈ આવવું મુશ્કેલ નથી. વળી આ જ બોધક હેતુને લીધે આ નવલકથાના જે ચાર ભાગ પાડેલા છે તેનું

૧. આ શબ્દો ગ્રંથકારની પ્રસ્તાવનામાંથી છે.

અસંબદ્ધત્વ છુપાઈ રહે એવું નથી. અને એ અસંબદ્ધત્વની ગ્રંથકારને ચોકકસ ખબર હતી, કારણ કે દરેક ભાગનું નિરાળું નામ આપ્યું છે, અને તે દરેકન્તું સામાન્ય નામ 'સરસ્વતીચંદ્ર' આપ્યું છે. ત્યારે એમ સાબિત થાય છે કે આ કથામાં બોથક હેતુનું પ્રોક્ષણ પ્રત્યક્ષ છે અને તેથી નવલકથાના લેખનમાં વપરાતી જોઈતી યોજનાઓ ન્યૂન છે, પરંતુ એ વિવેચન ફકત મહત્વના બોધક હેતુ પરત્વે છે, કારણ કે પહેલાં ભાગમાં જે સબળ અને સતત, વ્યંજનાપૂર્વક બોધક હેતુનું આરોપણ થયું છે તે કોઈ પણ નિરીક્ષકની પ્રશંસા પ્રાપ્ત કરે એવું છે. 'સરસ્વતીચંદ્ર'માંથી મળતાં ચારિત્રના ઉદ્ભવ અને બોધક હેતુની વ્યંજના વિશે આ પુસ્તકના કોઈ બીજા ભાગમાં કહેવામાં આવ્યું છે. તે ઉદ્ભવ અને તે વ્યંજનાની પ્રતીતિ દરેક વાચકનું મનોરંજન કરે છે અને આનંદ તથા બોધનું નિરવઘ મિશ્રણ થઈ ઐન્દ્રજાલિક રસનો અનુભવ મળે છે. પ્રકરણોને મથાળે અપાયેલાં ઈંગ્રેજી અને સંસ્કૃત સૂત્રો (જે આપવાની પદ્ધતિ નિયમિત થઈ ગઈ છે) વિષયનું પ્રતિપાદન ઘણું સુલભ કરે છે અને આ પુસ્તકમાં આવી રીતે અપાયેલાં સૂત્રોનું જે કોઈ મનન કરે તો ઘણું સંસારપાંડિત્ય મેળવે એમાં નવાઈ નથી.

આ નવલકથાના વિષય વિશે શરૂઆતમાં જ કહેવામાં આવ્યું છે કે આધુનિક સમયની કેટલી કુલીન વ્યકિતઓનું તેમની ઉમદા ભાવનાના વિકાસપ્રવાહનું અને પ્રસંગોપાત અનેક પ્રકારના સામાન્ય મનુષ્યોની જિંદગીનું રસિક વિવરણ એમાં કરવામાં આવ્યું છે. આ વિવરણ પરત્વે પુષ્કળ લખી શકાય એમાં આશ્ચર્ય નથી, પરંતુ એક નવલકથામાં એ સર્વનું હૃદયંગમ વિવેચન કરવું અશકય છે. ગ્રંથકારે પોતે પ્રસ્તાવનામાં બોધક હેતુ વિશે સ્પષ્ટીકરણ કર્યું છે કે (જે ન જ કરવું જોઈએ) "સંક્રાન્તિકાળના આ ખગ્રાસે મોહમાં તથા શોકમાં પાડેલાં જૂનાં અને નવાં, તરુણ અને વૃદ્ધ, અશિક્ષિત અને શિક્ષિત, અજ્ઞ અને પ્રજ્ઞ, દીન અને સમર્થ, ભ્રષ્ટ અને શિષ્ટ સર્વ ચિત્તોમાં મોક્ષકાળનાં આ ઉદયમાન ચિરંજીવ કિરણ પ્રવેશ પામે અને અવિચારને સ્થાને વિચાર અને અવસાદને સ્થાને ઉત્સાહ પ્રવર્તે - એ આ કથાના સર્વ ભાગોના સર્વ ઉદ્દેશોનો કેન્દ્રસ્થ ઉદ્દેશ છે." આ ઉદ્દેશ ઘણો મોટો છે, પરંતુ સંપૂર્ણ અવલોકન કર્યા પછી પણ કહી શકાય કે આ કથાનો વિસ્તાર ટૂંકો થઈ શકત, નવલકથાનું સ્વરૂપ ઓછા પરિણામે ભગ્ન થાત અને એ જ બોધક હેતુના સર્વ તંતુઓ કાયમ રહી વધારે ગ્રાહ્ય થઈ, આખી નવલકથા હજી પણ વધારે લોકપ્રિય નીવડત. આજે જે સ્થિતિ છે તેમાં ચોથા ભાગનું વાચન વિષમ છે.

ગ્રંથકારની ભાવના ઘણી ઉપયોગી છે એમાં તો કહેવાપણું નથી, એની ભાવમયતામાં હિંદના ભવિષ્ય માટે ઉચ્ચ આસ્થા છઅ. તેઓ લખે છે. *"The varied conflicts of life and through at present visible all over India may one day end reciprocal assimilation and harmony of the warring elements."* આ મતની આસ્થામાં જીવવું એ બેશક સારું છે, અને એ મતને ગોવર્ધનરામ આસ્થાનું રૂપ આપે છે એમ વાંચનારે યાદ રાખવાનું છે. એવા મતથી મનુષ્યમાત્રની પ્રવૃત્તિને પ્રોત્સાહન મળે છે એ તો સુવિદિત છે, પરંતુ એ સુવાદિત મતની સાથે એમ પણ જાણવું જોઈએ કે આ દુનિયામાં બની ગયેલા બનાવોનું અને સંસારના વાસ્તવિક તંત્રનું મનન કરવાથી એવા મતને નિશ્ચયના રૂપમાં આવતાં પુષ્કળ સમય

લાગે છે.

'સરસ્વતીચંદ્ર'નું વિવેચન પાછળ આવતાં પાનાં જોતાં વ્યાપક માલૂમ પડશે, પરંતુ ટીકાકારને પુસ્તકના મહત્વના પરિણામમાં વિવેચન રોકવું પડે છે અને તેમ ખેંચી કાઢવાની પણ જરૂર પડે છે.

સરસ્વતીચંદ્રનું કુસુમ જોડે લગ્ન થયું તે વિશે જે ચર્ચા ઉત્પન્ન થઈ છે તેનું વિવેચન કદાચ સંકલનના વિષયમાં પણ કરી શકાય. એ ચર્ચા પ્રથમ ગ્રંથકારના વિદ્વાન મિત્ર રાઅ. દયારામ ગિદુમલે ઉપાડેલી જણાય છે. ચર્ચા એ છે કે પ્રતિલગ્ન ઈચ્છનાર સરસ્વતીચંદ્રે કુસુમ જોડે લગ્ન કવા શા માટે હા પાડી ? એ દેહલગ્ન કેમ ન કહેવાય ? આ પ્રશ્નો ઉત્તર ગ્રંથકારે એવો આપ્યો હતો કે યોગીઓની ગુફામાંથી નીકળ્યા પછી સરસ્વતીચંદ્ર સ્નેહશૂન્ય જેવો થઈ ગયો હતો અને પ્રતિનું સ્લરૂપ જે આ દુનિયમામાં અનુભવવું લગભગ અશકય છે તે પોતાને પણ ન જ મળે એવી પ્રતીતિ સરસ્વતીચંદ્રને થયેલી હોવી જોઈએ. અને અમે ધારીએ છીએ કે કાળના પ્રવાહથી મનુષ્યની લાગણી ઘસાઈ જઈ. રૂપાન્તરમાં પ્રસન્ન રહેવા યત્ન કરે છે, જે અનિવાર્ય છે તે સહન કરવું જોઈએ એમ માને છે. અને એ પ્રમાણે સરસ્વતીચંદ્ર કીધું એમ પણ ગ્રંથકાર કહી શકત. વળી કુસુમનું જે ચિત્ર અપાયેલું છે તે ઉપરથી અનુમાન થશે કે કુસુમ સરસ્વતીચંદ્રના સ્વભાગ અને વૃશ્વિાઓને બાધક નથી, પરંતુ કુમુદસુંદરીતી ભલામણના મોટા પ્રયાસને લીધે સરસ્વતીચંદ્ર એવું લગ્ન કબૂલ રાખ્યું એમ દાખવવામાં ગ્રંથકારે ખૂલ ખાધી છે. આ કૌતુક પરથી જે બોધની વ્યજંના થાય છે તે પણ વિવેકી વાચકને લક્ષમાં રાખવા જેવી છે.

**(૫) દિગ્દર્શન :**

ગોવર્ધનરામ ત્રિપાઠીની ઉત્તમ વર્ણનશૈલી અને સર્વાનુભવરસિકતા વિશે વિવેચન થઈ ચૂકયું છે એનાં પાત્રોની સાક્ષાત્કારતા અને નિષ્પ્રભતા વિશે જે કહેવાનું હતું તે કહેવાય ગયું છે, બોધક હેતુનાં સબળ વ્યજંન, સતત ધ્વનિ તથા અયોગ્યતા વિશે પણ પુષ્કળ ટિપ્પણ થઈ રહ્યું છે અને બોધક હેતુના જે-જે તંતુઓ અને વિષયો નવલકથાના સ્વરૂપને બાધક ગણાય તે-તે સર્વની બાધકતાથી પૂષકળ રસની ક્ષતિ થઈ છે એમ સમજીને એનું સમગ્ર અવલોકન કરીશું. આ નવલકથાના કૌતુકમયત્વ અને કલાવિધાંiii અંગે જે-જે સહાયક છે તે-તે સર્વનું એકાગ્ર ચિંતન કરતાં માલૂપ પડશે કે નવલકથાનાં પ્રથમ બે ઉત્તમ લક્ષણો સાક્ષાત્કારતા અને જનસ્વભાવચિત્ર કોઈ પણ કાલ્પનિક વિષયને દેદીપ્યમાન કરે એવાં છે, એટલે જે બોધક હેતુ અને કલાવિધાન એ બેના સંબંધમાં જે-જે દૂષણો કાઢી શકાય તે-તે દૂષણોને કોઈ ટીકાકાર અગ્રત્વ આપી શકશે નહીં. આ પ્રમાણે સુધારાની બાહુલ્યમય ભાવનાવાળી તથાપિ જનસ્વભાવનાં ઉત્તમ વિવરણોથી ભરપૂર નવલકથા આખા ગુજરાતી સાહિત્યમાં આ એક જ છે. નવલકથાનો રસ વાચકને કેટલો મસ્ત બનાવી શકે, મનુષ્યસ્વભાવનાં ચિત્રો કેવાં જવલંત આલેખનમાં મૂર્તિમાન થાય, મનોવિકારનાં ચિત્રો વાચકની કલ્પનાને કેટલું થરથરાવે અને નવલકથાનું વાચન કેટલી ચિરકાલીન અસરવાળુ હોય - એ સર્વનું ઉદાહરણ ગોવર્ધનરામ ત્રિપાઠી આપે છે. વળી ગોવર્ધનરામ ત્રિપાઠીનું સ્મરણ ગુજરાતી સાહિત્યના તવારીખમાં રહેવાનું છે તે આ નવલકથાની ઉત્તમતાને લીધે છે એમ કહેતા કરતાં ગુજરાતી ભાષાતા ધોરણનું ભાન કરવવાને લીધે છે એમ કહેવું વધારે યોગ્ય છે. એના લેખનથી અને તેના સંસ્કારથી શબ્દકોશ વિશાળ રાખવાનું

ભાન સૂઝ્યું છે અને પદબંધ પર લક્ષ આપવું જોઈએ એવી પ્રતીતિ પણ થવા લાગી છે. કાલ્પનિક સાહિત્ય તરફ દ્રષ્ટિ ફેરવીએ તો માલૂમ પડે છે કે મનુષ્યના વિવિધ વિકારો અને ભાવનાઓનું સમર્થ અને સૂક્ષ્મ વિભાવન અને તે વિભાવનને ઉચિત શબ્દો અને શૈલીથી અન્યોપયોગી કરવાની સાકુતતા-એ બે વિરલ ગુણોનો લાભ કવિ પ્રેમાનંદના પછી ફકત એક ગોવર્ધનરામે આપ્યો છે. કોઈ વિરોધીને અમે કહીશું કે "ગુજરાતી સાહિત્યમાંથી 'સરસ્વતીચંદ્ર'ની બાદબાકી કરો અને તમારો જવાબ લખી લાવી અમારી સાથે વાત કરો".

**(૬) સંક્ષિપ્ત લક્ષણો (નવલકથાકાર તરીકે) :**

ગોવર્ધનરામ ત્રિપાઠીને કયા પ્રકારના નવલકથાકાર ગણવા ? 'સરસ્વતીચંદ્ર'માં સમકાલીન વિષયોનું પુષ્કળ પ્રોક્ષણ છે, પરંતુ તે પ્રોક્ષણ વાંચનારના મસ્તકને ગભરાવી નાંખે એવું નથી. વળી જે-જે વિષયોની ચર્ચા ઉત્પન્ન કરી છે (સંયુકત-વિભકત, કુટુંબ, પુનર્લગ્ન વગેરે) તે તે વિષયો પરત્વે લેખકે પોતાના અભિપ્રાયનું એક બિંદુ ન આવે એવી સાવચેતી રાખી છે. આવા વિષયોના અભિપ્રાયો (યોગ્ય પાત્ર દ્વારા) આપવાની યોજના એમણે વેગળે રાખી છે તથા સૂક્ષ્મ સામયિક ઉઈપાધિઓને તો પ્રવેશ પણ થવા દીધો નથી-એ બે કારણોથી એમને પ્રજાતંત્રીય *(democratic)* નવલકથાકાર ગણી શકાય નહીં, પરંતુ આ અવલોકનમાં એની વર્ણનશકિત, જનસ્વભાવચિત્ર અને બોધક હેતુ વિશે જે વિવેચન કરવામાં આવ્યું છે તે ઉપરથી સિદ્ધ થશે કે તેઓ એક ઉત્તમ કુલનવર્ગીય *(aristocratic)* અને પ્રબોધક નવલકથાકાર છે. અન્ય સાપેક્ષક ધોરણે જોઈએ તો ઈગ્લેંડના વિલિઅમ થેકરે અને જયોર્જ મેરિડિથનાં લક્ષણોનું સાદ્રશ્ય એકત્ર થાય છે પરંતુ એ જ થેકરે અને એ જ મેરિડિથનાના કરતાં એમના લેખનમાં જે અધિક, અગુપ્ત સમભાવ છે તેને લીધે વિનીત સ્વભાવના વાચકોની ગણનામાં વાચકોની એઓ કદાચ ચડિયાતા ગણાય અને ઉદ્દામ સ્વભાવના વાચકોની ગણનામાં ઊતરતા ગણાય. એમ છતાં, ગણના વિનીતની હોય કે ઉદ્દામની હોય પરંતુ 'સરસ્વતીચંદ્ર' માં મનુષ્યજીવનનું જે વિશાળ અને પ્રૌઢ અનુશાસન *(board and aublime discipline of life)* છે તેને લીધે કોઈ પણ અન્ય નવલકથાકારની તુલનામાં ગોવર્ધનરામ ત્રિપાઠીને મૂકવા અયોગ્ય છે. આપણી ભવિષ્યની પ્રજામાંથી કોઈ કુશળ ઈતિહાસકાર સાહિત્યની તવારીખ લખશે ત્યારે આ પ્રકરનું મહત્ત્વ આશ્ચર્યજનક બની આવશે.[૨]

---

૨. 'સરસ્વતીચંદ્ર'ની પ્રસિદ્ધિના વખતમાં સા. શ્રી મણિલાલ દ્વિવેદીએ ઘણું અયોગ્ય અને થોડું યોગ્ય વિવેચન કીધું હતું. અને રા. વિશ્વનાથ પ્રભુરામે પણ પુષ્કળ વિવેચન કર્યું હતું. સા. શ્રી. રમણભાઈએ ઈ.સ. ૧૮૯૦-૯૧માં આ વિષયે વિવેચન કર્યું હતું. પરંતુ ઉપર્યુકત બે લેખકોના વિવેચનનું જ અવલોકન કરવાની આવશ્યકતા તે વખતે જણાયાથી 'સરસ્વતીચંદ્ર'નું સંપૂર્ણ અવલોકન તેમણે કર્યું નથી. ■

---

આ દુનિયા માં સુખી થવું હોય
તો આટલું કરવું...

પ્રેમ અને પૈસાનું
કદી પ્રદર્શન ના કરવું.

# નાનુભાઈ છોટુભાઈ દેસાઈ (પરુજણકર)

જન્મ તારીખ : ઈ.સ. ૧૯૧૫ આશરે
(ભણતર : બી.એ. (એમ.ટી.બી. કોલેજ, સુરત)
નોકરી : નવસારી હાઈસ્કૂલ, નવસારી
જન્મ સ્થળ : પરૂજણ
મૂળવતન : પરૂજણ
પિતા : છોટુભાઈ મોહનભાઈ દેસાઈ
માતા : મંછાબેન છોટુભાઈ દેસાઈ
મોસાળ : ભદેલી
પત્ની : લલિતાબેન
સંપર્ક : મો. નં. ૯૯૧૩૧ ૧૧૨૧૧ / ૦૯૬૧૯૩ ૪૫૫૪૨ / ૯૫૩૭૯ ૬૯૯૧૧
સંતાન : ત્રણ પુત્રીઓ - જાગૃતિ શરદચંદ્ર દેસાઈ
કોકિલા અનિરુધ્ધભાઈ દેસાઈ
બિંદુ હર્ષદભાઈ દેસાઈ

પરૂજણ ગામમાં જન્મ લેનાર નાનુભાઈ છોટુભાઈ દેસાઈ 'નાનુ કવિ' તરીકે જાણીતા થયા હતા. તેઓશ્રી સુરતની એમ.ટી.બી. કોલેજમાં બી.એ. સુધીનો અભ્યાસ કરી ફર્સ્ટકલાસ ઉત્તીર્ણ થયા હતાં. કોલેજમાં અભ્યાસ કરતા હતા ત્યારથી એમણે કાવ્યો લખવાની શરૂઆત કરી દીધી હતી. સુરતના શ્રી જયંત પાઠક એમનાં ગાઢ મિત્ર હતા. કોલેજમાં સાથે અભ્યાસ કરતા હતા. તેની કવિતાના એઓશ્રી ખૂબજ વખાણ કરતાં હતા. કોલેજના બ્લેકબોર્ડ પર દરરોજ નવી કવિતા નાનુ લખતો હતો. 'અનાવિલ પોકાર' અનાવિલોનું એક મેગેઝિન તે સમયે આવતુ હતુ તેમાં પણ એમણે ઘણાં કાવ્યો અને લેખો પણ લખ્યાં હતાં.

ગુજરાતમિત્ર ન્યુઝપેપરમાં 'રમણ ભ્રમણ' લેખમાં શ્રી રમણભાઈ પાઠકે 'નાનુભાઈ વિષે લખાણ લખ્યુ હતુ એ સામેલ કર્યું છે.
સુરતના લુપ્ત કવિઓને સ્મરણાંજલિ

ભેસ્તાન સ્ટેશનથી જમણી બાજુએ આવેલી પાંજરાપોળમાં અમારા ગાઢ મિત્ર અને ચાલીસની સાલના સૌથી વિચક્ષણ શકિતશાળી એવા કવિ 'નાનુભાઈ દેસાઈ' પરૂજણકર સાથે એક મજાની યાદગાર રાત અને ત્યાં ગાળેલી ત્યારે હૈયે કવિતાની જેમ ઉછળતી યુવાનીના દિવસો હતાં.

નાનુ સરસ કવિતા લખે અને સરસ અવાજે તે ગાય. અવાજ પણ મીઠો સૂરીલો અને કર્ણપ્રિય. તે સ્વરચિત કાવ્ય ગાતો ને વિદ્યાર્થી શ્રોતાગણ મંત્રમુગ્ધ સ્તબ્ધ બનીને સાંભળતા હતા.

સડેલા મુડદાં પાસે,
ઊભો રહીને આજ પૂછું છું.....
મને પાછું જીવન તુ દે,
નકારે એ ડાચુ

નાનુનાં ચિત્તમાં કશીક અસ્વસ્થા હતી. તીવ્ર વેદના હતી. એનું માનસ આઉટસાઈડરનું હતું એથી બ.ક.ઠા. ગાંધી યુગકની પૂરબહાર અસરવાળી ચિંતનપ્રધાન હેતુપ્રધાન કવિતાનો તે કાળે પણ 'નાનુ' આવી સરસ એબ્સર્ડ રચનાઓ કરતો. નાનુ પ્રકૃતિ એ પૂરેપૂરો અલગારી મેલુંઘેલું ધોતિયું સાદુ ખમીસ ને ખોળે છત્રી ગોઠવીને તે કોલેજમાં આવે. ત્યો નેવું ટકા વિદ્યાર્થી ઓ ધોતિયું ખમીસ પહેરતા

નાનુએ હજારો કાવ્યો રચેલાં, 'રામવન-ગમન' પ્રસંગ લઈને એક દીર્ઘ કાવ્ય રચી નાનકડી પુસ્તિકા પણ સ્વખર્ચે પ્રગટ કરેલી. 'નાનુ' કવિનું ઓસરતી ઉંમરે યુવાન વયે અકસ્માતથી મૃત્યુ થયું હતું.

એમણે લખેલ ડાયરીમાં ૧ થી ૧૫૦ કાવ્યો છે તે માના બે કાવ્યો લખ્યાં છે

### હસતા રહો

હસતા રહો, હસતા રહો
રડનારનાં આંસુ લૂછી હસતાં રહો
પડનાર ને સાથે લઈ હસતાં રહો
હસશો નહિ તો જગત પણ હસશે નહિ
વેરાનમાં ઝરણાં વહાવીને
હસતાં રહો...
કંઈક કાર્ય તો કરતાં રહો
બેસી પડનારાને સાથે લઈ પ્રેરી રહો
હસતાં રહો...
કંઈક કાર્ય તો કરતાં રહો
બેસી પડનારાને સાથે લઈ પ્રેરી રહો
હસતાં રહો...
કાર્ય કરશો નહિ જગથી કશુંએ પામશો ?
બેસનારાના રૂદન કયારે તમે લૂંછશો ?

વગડાના ફૂલડાંની પરિમલ
વ્યકત બનેલાની વિમાંસણ
રણયાત્રી કેરાં અંતડપન
મુજને મૂંઝવે
સપ્તસિન્ધુના ગીતનું ગૌરવ
ફેલાતાં નભનું એ દર્શન
નીશાના તારાનું સંગીત
મુજને લુભાવે
શીતલ, પૂનિત અમીરની મરમર
અવરોધે વહતી જલ ઝરમર
પ્રેમલ નેત્રની પાંપણ
દૂર દૂર મુજને શાંત કરે ■



## મારું ચોમાસું

ગાજવિજ મીઠીને સ્નેહધાર ધીમી (૨)
છલકાતું વ્હાલ ગમે તારું
આખું આ આયખું ભીજવી દે મારું
તું તો હાથવનું સુખ છે મારું
મા- તારી આંખોમાં ચોમાસું મારું

આવતી જતી છોને ઋતુઓ બધી (૨)
તું તો મનગમતી મોસમ છે મારી
મુઠ્ઠીમાં શમણાના તરણા આપીને (૨)
તુ મારો ભવસાગર દે તારી
આથમણે ઉગતી સથવારો થઈને (૨)
તુ હુંફાળું ઠેકાણું મારું, માં...

કોમળ કપળ થઈ ઉગુ હું તારા માં (૨)
ને તારો જ રૂપ માં હું અવતરું
તારા જ અમૃતથી પાંગરતી હું (૨)
ને તારી આંખોમાં હું વિસ્તરું
(૨) તારી આંખોના ગોખલે ટમટમતી આશામાં
પડઘાતા તેજ સંકોરું માં...

તારા હાલરડામાં સોનપરી જાગતી (૨)
નશમણે વીજળી શું સ્મિત તારું
સુક્કી-ભઠ્ઠ જીદગીને ઠારવા મારી (૨)
તુ નીચવી દે આયખું તારું
તારું પોતીકું ટુ રાખતી કશું ના (૨)
તારું બધું સુખ તો મારું, માં...
લાવ લેદના નું નભ દઈ દે મને ટુ (૨)
ને મારી પાંખોથી ઉડી લે
તારામાં ખોવાતી તારી છબીને (૨)
તુ મારી ઉમરમાં શોધી લે
કાળા ઉજાગરાની આંખો મીંચું(૨)
તારા વણદીઠા સપના સંકારું, માં...

એકંદી કાળ કોઈ એવીય ઉગશે (૨)
લાલ પાનેતર માં હું ખોવાઈશ
મુઠ્ઠીભર જવલત સગ દેવાશે દાન મારા (૨)
તારા સ્મરણો માં સચવાઈશ
તારા સંસ્કારોની વાદળી ઓઢીને (૨)
કાપીશ હું આયખું મારીમાં..

# સમાચાર વિભાગ

સહસંપાદક

## જન્મ : 

- હનુભાગડાના શ્રીમતિ સ્વેતાબેન તથા શ્રી સનતભાઈ રણજીતભાઈ દેસાઈની પુત્રવધૂ અને બિલીમોરાના શ્રીમતિ મેનાબેન તથા શ્રી અરૂણભાઈ નાયકની પુત્રી સૌ. પ્રિયા શીલ દેસાઈને પુત્રી તા. ૧૬-૧૧-૨૦૧૭... **રીજા**
- તલંગપુર હાલ નવસારીના શ્રીમતિ ભાવનાબેન તથા શ્રી મહાદેવભાઈ કાંતિલાલ દેસાઈની પુત્રવધૂ સૌ. ઉર્વિ ગૌરાંગને પુત્ર તા. ૧૭-૦૩-૨૦૧૮... **શ્લોક**

## યજ્ઞોપવિત : 

- એંધલ હાલ સુરતના શ્રી હરીશભાઈ શાંતિલાલ દેસાઈના પૌત્ર ચિ. વ્રજ દિવ્યેશને તા. ૧૮-૨-૨૦૧૮
- ટકારમાં, તા. ઓલપાડના શ્રીમતિ મોઘાવી તથા ડૉ. મુકુંદરાય દેસાઈના સુપુત્ર ચિ. દેવાંશને તા. ૨૧-૦૨-૨૦૧૮.
- ડાંભર હાલ નવસારીના શ્રીમતિ સ્વાતિ તથા શ્રી અમિત પ્રફુલચંદ્ર દેસાઈના સુપુત્ર ચિ. તેજને તા. ૨૬-૦૩-૨૦૧૮.
- ખરસાડ હાલ નવસારીના શ્રીમતિ મમતાબેન તથા શ્રી તુષારકુમાર પ્રતાપરાય દેસાઈના સુપુત્રો ચિ. વંશ તથા ચિ. હેતને **શ્રી શુકલેશ્વરધામ અનાવલ મુકામે** તા. ૦૧-૦૪-૨૦૧૮.
- રાનકુવા હાલ અતુલના શ્રીમતિ પૂર્વિ તથા શ્રી વિમલ સુબોધભાઈ દેસાઈના સુપુત્ર ચિ. કંદર્પને **શ્રી શુકલેશ્વરધામ અનાવલ મુકામે** તા. ૦૧-૦૪-૨૦૧૮.
- સલવાવ(વાપી) હાલ અતુલના શ્રીમતિ એકતા તથા શ્રી હિતેશ ઈશ્વરલાલ દેસાઈના સુપુત્ર ચિ. ઉર્વલને **શ્રી શુકલેશ્વરધામ અનાવલ મુકામે** તા. ૦૧-૦૪-૨૦૧૮.

## શુભ લગ્ન : 

- મરોલી હાલ નવસારીના ગં.સ્વ. બીનાબેન તથા સ્વ. યતિનકુમાર ભુપેન્દ્રભાઈ દેસાઈની પુત્રી ઉષ્માના જલાલપોરના સ્વ. ગીતાબેન તથા શ્રી બંકિમભાઈ ડી. દેસાઈના પુત્ર વિશદકુમાર સાથે તા. ૦૪-૧૨-૨૦૧૭.
- ચીખલી હાલ વિરાર, મુંબઈના શ્રીમતિ રેખાબેન તથા શ્રી રાજેશભાઈ પરાગજીભાઈ દેસાઈના પુત્ર દિપેનના વેસ્મા હાલ મલાડ, મુંબઈના શ્રીમતિ વર્ષાબેન તથા શ્રી મહેશભાઈ ઠાકોરભાઈ વેશીની પુત્રી હેતા(હેમિષા) સાથે તા. ૧૦-૧૨-૨૦૧૭.

# પ્રકીર્ણ

- વકતાણા હાલ નવસારીના શ્રી મહેશભાઈ ઠાકોરભાઈ નાયક, નિવૃત શિક્ષક ગુજરાત મિત્ર દૈનિક માધ્યમે ચર્ચાપત્રી તરીકે ઉભર્યા છે. આજસુધીના શિક્ષણ, અભ્યાસ, સંસ્કાર, રાષ્ટ્ર, રાષ્ટ્રગીત, પાકિસ્તાન, વ્યકિત સંસ્થા વિશેષના, ધર્મઆસ્થા, પ્રકૃતિ, પર્યાવરણ અને સૂચનો ફરિયાદ સ્વરૂપના-વિષયોનો પ્રસિધ્ધ-પ્રકાશિત થયેલ ચર્ચાપત્રોનો સંપૂટ "ચર્ચાપત્રના ચોતરેથી" પુસ્તકનું વિમોચન સુરત મુકામે થયું છે. આ પુસ્તકમાં કુલ ૧૯૬ ચર્ચાપત્રો છે. આ ચર્ચાપત્રો આક્રમક સાથે સાત્વિક પણ છે. સંપર્ક નંબર-૯૮૯૮૮ ૭૭૩૭૧.

# અવસાન

નીચેના જ્ઞાતિજનોના અવસાનની નોંધ લેતાં ખેદ થાય છે.
પ્રભુ એ સર્વના આત્માને ચિર શાંતિ આપો.

- 
ચક્ષુદાતા
એરૂના શ્રી બાબુભાઈ બાપુભાઈ દેસાઈના ધર્મપત્ની તથા શ્રી કિરણ(ગિરીશ)ભાઈના માતૃશ્રી અ.સૌ. મંજુલાબેનનું ઉ.વ.-૮૦, તા. ૧૧-૦૩-૨૦૧૮.
- અંભેટા (ઓલપાડ) હાલ ગોથાણ ગામના શ્રી ભાવિનભાઈના પિતાશ્રી અશ્વિનભાઈ વસનજીભાઈ ઈનામદાર (નિવૃત્ત શિક્ષક, સાયણ હાઈસ્કૂલ)નું ઉ.વ. -૭૯, તા. ૦૭-૦૩-૨૦૧૮.
- દિહેણ હાલ વડોદરાના શ્રી નેહલ (અમેરિકા) ના પિતા શ્રી જીતેન્દ્ર(બાબુ)ભાઈ લલ્લુભાઈ દેસાઈનું ઉ.વ.-૭૦, તા. ૦૨-૦૪-૨૦૧૮. અમેરિકા મુકામે.
- ખરસાડ હાલ ઘોડાસર, અમદાવાદના શ્રી પરેશભાઈના પિતા શ્રી મનુભાઈ રણછોડજી દેસાઈ (વે.રેલ્વે ઈલેકટ્રિકલ ચાર્જમેન)નું ઉ.વ.-૮૯, તા. ૨૫-૦૩-૨૦૧૮.
- સરીબુજરંગ હાલ મણિનગર, અમદાવાદના શ્રી અનુપભાઈ તથા શ્રી અલ્પેશભાઈના માતૃ શ્રી ગં.સ્વ. સુધાબેન સુમંતરાય દેસાઈનું ઉ.વ.-૭૪, તા. ૧૫-૦૩-૨૦૧૮.
- પુણી હાલ સુરતના ગં.સ્વ. પ્રતિભાબેન સતિષભાઈ દેસાઈના માતૃશ્રી ગં.સ્વ. ઈન્દિરાબેન રામણલાલ નાયકનું ઉ.વ.-૯૪, તા. ૨૪-૦૨-૨૦૧૮. પુત્રી પ્રતિભાબેને કાંધ આપી માતૃઋણ અદા કર્યું.
- અમરોલી, તા.મહુવાના શ્રી જયેશભાઈ (વશી હાઈસ્કૂલ, મરોલી)ના માતૃશ્રી ગં.સ્વ. કીકીબેન દોલતરાય નાયકનું ઉ.વ.-૮૯, તા. ૧૧-૦૩-૨૦૧૮.

-  ચક્ષુદાતા ભગોદ હાલ અબ્રામા, વલસાડના શ્રી મહેશભાઈ(આફ્રિકા), સૌ. કલ્પનાબેન જયેશભાઈ દેસાઈ તથા સૌ. વર્ષા(વૃંદા) ભદ્રેશભાઈ દેસાઈના ભાઈ શ્રી અશોકભાઈ રમણલાલ દેસાઈ (નિવૃત્ત પેટ્રોફિલ્સ-વડોદરા) નું ઉ.વ.-૬૬, તા. ૨૦-૦૩-૨૦૧૮ **(દેહદાતા)**.
-  ચક્ષુદાતા કલવાડ(ખેરગામ) હાલ વલસાડના શ્રીમતિ કોકિલાબેનના પતિ, શ્રી ચિરાગભાઈ તથા સૌ. કિન્નરી પ્રજ્ઞેશભાઈ દેસાઈના પિતા શ્રી યશવંતરાય કીકાભાઈ દેસાઈનું ઉ.વ.-૮૦, તા. ૩૧-૦૩-૨૦૧૮.
-  ચક્ષુદાતા સુપા(કુરેલ)ના શ્રી રમેશચંદ્ર ખંડુભાઈ નાયક (નિવૃત શિક્ષક) નું ઉ.વ.-૭૦, તા. ૦૭-૦૩-૨૦૧૮.
- પોંસરાના શ્રી ભીખુભાઈ અંબેલાલ નાયકના ધર્મપત્ની અ.સૌ. અનસુયાબેનનું ઉ.વ.-૭૪, તા. ૧૨-૦૩-૨૦૧૮.
- એરૂ હાલ બોરીવલી, મુંબઈના શ્રી શ્રીધરભાઈના પિતાશ્રી સુરેશભાઈ દિનકરરાય દેસાઈનું ઉ.વ.-૮૦, તા. ૧૪-૦૩-૨૦૧૮.
- મોતા હાલ બારડોલીના શ્રી ભરતભાઈ, શ્રી વિજયભાઈ તથા શ્રી રાજેશભાઈના પિતા શ્રી ધીરૂ(બચુ)ભાઈ નાથુભાઈ નાયકનું ઉ.વ.-૮૫, તા. ૧૪-૦૩-૨૦૧૮.
- સરભોણ હાલ ચીખલીના શ્રી જયેશભાઈના પિતા શ્રી સુરેશચંદ્ર મનુભાઈ દેસાઈ (નિવૃત ડેપ્યુટી કલેકટર) નું ઉ.વ.-૮૧, તા. ૧૫-૦૩-૨૦૧૮.
- છરવાડા હાલ વશિયર, વલસાડના ડૉ. ભાવિનભાઈના પિતા શ્રી મોહનલાલ ધીરૂભાઈ નાયકનું ઉ.વ.-૭૪ તા. ૧૬-૦૩-૨૦૧૮.
- પરબ, તા. કામરેજ હાલ સુરતના શ્રી વિનોદભાઈ તથા શ્રી મુકેશભાઈના માતૃશ્રી ગં.સ્વ. સુમિત્રાબેન રમણલાલ દેસાઈનું ઉ.વ.-૮૭, તા. ૧૬-૦૩-૨૦૧૮.
- મોતા હાલ બારડોલીના શ્રી મુકેશભાઈના પિતાશ્રી ઈશ્વરલાલ રઘુનાથજી દેસાઈ (નવયુગ સાયકલવાળા) નું ઉ.વ.-૯૨, તા. ૧૭-૦૩-૨૦૧૮.
- વલસાડના શ્રી દિવ્યેશભાઈના પિતા શ્રી મહેન્દ્ર(બાબુ)ભાઈ મગનલાલ દેસાઈનું ઉ.વ.-૮૧, તા. ૧૭-૦૩-૨૦૧૮.
- મંદિરગામ હાલ નવસારીના શ્રી અનિલભાઈ (નવસારી હાઈસ્કૂલ) ના માતૃશ્રી ગં.સ્વ. સવિતાબેન ધીરૂ(નાનુ)ભાઈ દેસાઈનું ઉ.વ.-૯૬, તા. ૧૮-૦૩-૨૦૧૮.
- વકતાણાના શ્રી દિપેશભાઈના પિતાશ્રી નટવરલાલ ઠાકોરભાઈ નાયકનું ઉ.વ.-૮૨, તા. ૧૮-૦૩-

૨૦૧૮.

- નિયોલ હાલ ઉઘના ગામના શ્રી પિયુષભાઈના પિતા શ્રી હર્ષદ(મનુ)ભાઈ મગનલાલ દેસાઈનું ઉ.વ.-૮૩, તા. ૧૮-૦૩-૨૦૧૮.
- બોણંદના શ્રી બિમલભાઈના પિતા શ્રી જયંતિભાઈ નાથુભાઈ નાયકનું ઉ.વ.-૬૫, તા. ૧૮-૦૩-૨૦૧૮.
- અબ્રામા, વલસાડ હાલ અમેરિકાના શ્રી હર્ષદભાઈ તથા શ્રી ધવલભાઈના પિતાશ્રી પ્રફુલ(પરિમલ)ભાઈ રમણિકલાલ દેસાઈનું ઉ.વ.-૬૧, તા. ૧૮-૦૩-૨૦૧૮. અમેરિકા મુકામે.
- મગોદ હાલ પલસાણાના ગં.સ્વ. જયશ્રી(જયના)બેન જીતેન્દ્રભાઈ દેસાઈનું ઉ.વ.-૫૯, તા. ૧૮-૦૩-૨૦૧૮.
- એરૂ હાલ તરસાડી, કોસંબા (આર.એસ.)ના શ્રી કિરણભાઈ (વડોદરા) તથા શ્રી બંકિમભાઈના પિતા શ્રી બિપિનચંદ્ર રતિલાલ દેસાઈ (નિવૃત ચમરી મેનેજર, ઉકાઇ)નું ઉ.વ.-૭૯, તા. ૨૦-૦૩-૨૦૧૮.
- હરિયા હાલ વલસાડના શ્રી કિશોરભાઈ (ચંદ્રવદન) છોટુભાઈ દેસાઈ (એડવોકેટ) નું ઉ.વ.-૮૦, તા. ૨૨-૦૩-૨૦૧૮.
- હનુમાન ભાગડા, વલસાડના શ્રી ભરતભાઈ (એડવોકેટ)ના માતૃશ્રી ગં.સ્વ. ઉર્વશીબેન(આન) દિલીપભાઈ દેસાઈનું ઉ.વ.-૮૩, તા. ૨૨-૦૩-૨૦૧૮.
- મોહનપુર હાલ નવસારીના શ્રી ગૌતમભાઈ (નિવૃત ચિફ કોન્ઝરવેટર ફોરેસ્ટ) તથા શ્રી સંજયભાઈ (કેનેડા)ના માતૃશ્રી ગં.સ્વ. સવિતાબેન ઈશ્વરલાલ નાયકનું ઉ.વ.-૮૪, તા. ૨૪-૦૩-૨૦૧૮. મીસીસાગા, કેનેડા મુકામે.
- તલંગપુર હાલ ચીખલીના શ્રી સુભાષ(સુમન)ભાઈ ઠાકોરભાઈ દેસાઈના ધર્મપત્ની અ.સૌ. વિણાબેનનું ઉ.વ.-૬૭, તા. ૨૪-૦૩-૨૦૧૮.
- કછોલી હાલ અડાજણ, સુરતના શ્રી ગિરીશભાઈ અમ્રતલાલ દેસાઈના ધર્મપત્ની અ.સૌ. વીરૂબેનનું ઉ.વ.-૭૧, તા. ૨૬-૦૩-૨૦૧૮.
- વરિયાવ હાલ અમદાવાદના શ્રી અજયભાઈના લઘુબંધુ શ્રી પરેશભાઈ દોલતરાય માખણિયાનું ઉ.વ.-૫૩, તા. ૨૬-૦૩-૨૦૧૮.
- મરોલી હાલ સુરતના શ્રીમતિ કૌશિકા(કોકી)બેન *(BSNL)*ના પતિશ્રી રાજેન્દ્ર સુરેન્દ્રભાઈ દેસાઈ (નિવૃત *BOB*) નું ઉ.વ.-૬૧, તા. ૨૭-૦૩-૨૦૧૮.
- દિવેદ હાલ વલસાડના શ્રી જીતેન્દ્રભાઈ મગનલાલ દેસાઈના પુત્ર શ્રી જીજ્ઞેશભાઈનું ઉ.વ.-૪૭, તા. ૨૭-૦૩-૨૦૧૮.
- કાંયાતળાવ, અમલસાડના શ્રી અમૃતલાલ ગાંડાભાઈ દેસાઈ (એડનવાલા)ના ધર્મપત્ની અ.સૌ. ભાનુબેનનું ઉ.વ.-૭૬, તા. ૨૮-૦૩-૨૦૧૮.
- દિહેણ હાલ અડાજણ, સુરતના શ્રી નીલેશભાઈ તથા શ્રી જીતેશભાઈના પિતા શ્રી જયંતિલાલ ગુલાબભાઈ દેસાઈ (નિવૃત એસ.ટી. નિગમ) ઉ.વ.-૮૪, તા. ૨૮-૦૩-૨૦૧૮.

- ડિંડોલી હાલ અડાજણ, સુરતના શ્રી રમણભાઈ મોહનભાઈ નાયકના ધર્મપત્ની અ.સૌ. સુધાબેનનું ઉ.વ.-૭૨, તા. ૩૦-૦૩-૨૦૧૮.
- સણિયા હેમાદ, તા. ચોર્યાસીના શ્રી જનકભાઈના માતૃશ્રી ગં.સ્વ. કપિલાબેન દોલતરાય વશીનું ઉ.વ.-૭૮, તા. ૩૦-૦૩-૨૦૧૮.
- વેડછા ના ગં.સ્વ. શાંતાબેન મગનલાલ નાયકનું ઉ.વ.-૯૩, તા. ૩૦-૦૩-૨૦૧૮.
- વેસ્મા હાલ અમેરિકાના શ્રી નરેશભાઈ તથા શ્રી રાજેશભાઈના માતૃશ્રી ગં.સ્વ. કાંતાબેન રમણલાલ દેસાઈનું ઉ.વ.-૯૨, તા.૩૦-૦૩-૨૦૧૮.
- વેસ્મા હાલ નવસારીના શ્રી કિશોરભાઈ તથા શ્રી વિજયભાઈના માતૃશ્રી ગં.સ્વ. શારદાબેન નાનુભાઈ દેસાઈનું ઉ.વ.-૯૮, તા. ૩૦-૦૩-૨૦૧૮.
- આટ (નવસારી) હાલ અમેરિકાના શ્રી ઉરેશભાઈના માતૃશ્રી ગં.સ્વ. સુશીલા(જશુ)બેન ઠાકોરભાઈ દેસાઈનું ઉ.વ.-૮૭, તા.૩૧-૦૩-૨૦૧૮. અમેરિકા મુકામે.
- મોટાવરાછાના શ્રી અજયભાઈ તથા શ્રી નીલેશભાઈના પિતા શ્રી ઈશ્વરલાલ ડાહયાભાઈ નાયકનું ઉ.વ.-૯૨, તા. ૩૧-૦૩-૨૦૧૮.
- વેસ્મા હાલ વિલેપાર્લા, મુંબઈના શ્રી તેજસભાઈના પિતા શ્રી હર્ષદભાઈ બળવંતરાય દેસાઈ (સી.એ.)નું ઉ.વ.-૭૬, તા. ૦૧-૦૪-૨૦૧૮.
- મગોદ હાલ વલસાડના શ્રી માર્ગેશભાઈના પિતા શ્રી રાજેન્દ્ર(રાજુ)ભાઈ ખંડુભાઈ દેસાઈ (P.W.D.)નું ઉ.વ.-૫૯, તા. ૦૬-૦૪-૨૦૧૮.
- છરવાડા હાલ ઘોડદોડ રોડ, સુરતના શ્રી દેવાંગભાઈ *(HDFC Bank)*ના પિતા શ્રી વિનોદભાઈ ભગુભાઈ નાયક *(D.O.LIC)* નું ઉ.વ.-૬૭, તા. ૦૭-૦૪-૨૦૧૮.
- નિયોલના શ્રી જયેશભાઈ *(SMC)* ના પિતા શ્રી હસમુખ(હરિ)ભાઈ ભીખાભાઈ નાયકનું ઉ.વ.-૭૭, તા. ૦૭-૦૪-૨૦૧૮.
- નિયોલના શ્રી ઈશ્વરભાઈ ભીખુભાઈ નાયકના ધર્મપત્ની અ.સૌ. ઉર્મિલાબેનનું ઉ.વ.-૭૫, તા. ૦૭-૦૪-૨૦૧૮.
- મરોલી બજાર હાલ અમરોલી, સુરતના શ્રી નીલેશભાઈના માતૃશ્રી ગં.સ્વ. શકુંતલા(સરલા)બેન પ્રફુલચંદ્ર દેસાઈનું ઉ.વ.-૭૮, તા. ૧૯-૦૨-૨૦૧૮.
- ગુંદલાવના શ્રી રણજીતરાય નાથુભાઈ દેસાઈનું ઉ.વ.-૮૫, તા. ૧૦-૦૩-૨૦૧૮. અમેરિકા મુકામે.
- આશાબાગ, નવસારીના ગં.સ્વ. પદમાબેન દિનકરરાય નાયકનું ઉ.વ.-૬૯, તા. ૧૮-૩-૨૦૧૮.
- પોંસરાના શ્રી મોઘાભાઈ નીછાભાઈ નાયકનું ઉ.વ.-૭૨, તા. ૨૩-૦૩-૨૦૧૮. તેઓ શ્રી શુકલેશ્વર ધામ, અનાવલની મહાશિવરાત્રી પર્વના સમર્પિત-સેવાભાવી કાર્યકર હતા.
- તરભોણ, તા. બારડોલીના ગં.સ્વ. સરોજબેન છોટુભાઈ નાયકનું ઉ.વ.-૮૩, તા. ૨૭-૦૩-૨૦૧૮.

**સૌને શ્રધ્ધાસુમન......**

# સંસ્થા સમાચાર

સંકલન - અનાવલ ઓફિસ

## ● ''જય શુક્લેશ્વર'' પ્રકાશનનાં નવા આજીવન ગ્રાહકો :

| નંબર | નામ | ગામ | નંબર | નામ | ગામ |
|---|---|---|---|---|---|
| ૧૦૩૫૨ | હિરેન કિશોરભાઈ નાયક | નવસારી | ૧૦૩૫૬ | શિલ્પા ભાવેશ નાયક | બેંગલોર |
| ૧૦૩૫૩ | હેમંતભાઈ અરવિંદભાઈ દેસાઈ | કબીલપોર | ૧૦૩૫૭ | જૈનિશ યોગેશભાઈ દેસાઈ | કબીલપોર |
| ૧૦૩૫૪ | સ્મિત અરૂણભાઈ નાયક | બિલીમોરા | ૧૦૩૫૮ | વંદના ગૌરેષ નાયક | કિલ્લાપારડી |
| ૧૦૩૫૫ | પ્રતાપરાય ધીરૂભાઈ દેસાઈ | નવસારી | | | |

## ● ''જય શુક્લેશ્વર'' પ્રકાશન નિભાવ ફંડ

| રકમ | નામ | ગામ | ગ્રા.નં. |
|---|---|---|---|
| રૂા. ૧,૦૦૦/- | હિરેન કિશોરભાઈ નાયક | નવસારી | ૧૦૩૫૨ |

## ● તબીબી સહાય ફંડ

| | | |
|---|---|---|
| ● ૫,૦૦૦/- | મિતુલ ઠાકોરભાઈ નાયક | કનસાડ |
| ● ૪૦,૦૦૦/- | દમયંતિબેન બળવંતરાય દેસાઈ | પારડી સાંઠપોર, વલસાડ |
| ● ૧૨,૦૦૦/- | ભરતકુમાર દયાળજી નાયક | કછોલી |
| ● ૫૦,૦૦૦/- | નીલેશ રામણલાલ દેસાઈ | મુલુંડ, મુંબઈ |
| ● ૧૦,૦૦૦/- | પન્નાબેન યોગેશભાઈ દેસાઈ | વલસાડ |
| ● ૫,૦૦૦/- | બળવંતરાય કાળીદાસ દેસાઈ | બિલીમોરા |
| ● ૫,૦૦૦/- | હેતલભાઈ જશુભાઈ નાયક | અંચેલી |
| ● ૧૫,૦૦૦/- | કિરીટભાઈ ભીખુભાઈ દેસાઈ | છાપરા રોડ, નવસારી |
| ● ૩૫,૦૦૦/- | હંસાબેન જયંતિભાઈ દેસાઈ | નવસારી |
| ● ૪૫,૦૦૦/- | અવિનાશ ઘેલાભાઈ દેસાઈ | બિલીમોરા |
| ● ૬,૦૦૦/- | પુષ્પાબેન ભરતભાઈ દેસાઈ | બિલીમોરા |
| ● ૫,૦૦૦/- | વિભૂતીબેન રાજેશભાઈ દેસાઈ | બિલીમોરા |
| ● ૫,૦૦૦/- | જશુબેન મહેશભાઈ દેસાઈ | ડુંગરી, તા. વલસાડ |
| ● ૫૦,૦૦૦/- | હાર્દિકકુમાર કૌશિકભાઈ દેસાઈ | કોલવા તા. ગણદેવી |
| ● ૧૦,૦૦૦/- | ચંપાબેન અરૂણભાઈ દેસાઈ | સુરત |
| ● ૩૦,૦૦૦/- | કોમલ સ્મિત દેસાઈ | નવસારી |
| ● ૫,૦૦૦/- | શંકરભાઈ ભીખાભાઈ નાયક | વલોટી |

## ● રૂા. ૧,૦૦૦/- થી વધુ રકમના દાનો સાભાર સ્વીકાર

- ૧૧,૦૦૦/- સુધીરભાઈ ઘેલાભાઈ દેસાઈ, સુરત તરફથી સ્વ. ઘેલાભાઈ રણછોડજી દેસાઈ મગોદકરના સ્મરણાર્થે વિદ્યાર્થી શિક્ષણ સહાય નિધિ અર્થે.
- ૧૧,૦૦૦/- દીપિકા રાજીવકુમાર નાયક તથા દોહિત્રી ચિ. તિષ્ના આટ તરફથી સ્વ. જીતેન્દ્રકુમાર છગનલાલ દેસાઈના સ્મરણાર્થે શિક્ષણ સહાય નિધિ અર્થે.
- ૧૦,૦૦૦/- દીપિકા રાજીવકુમાર નાયક તથા દોહિત્ર કવન આટ તરફથી સ્વ. જીતેન્દ્રકુમાર છગનલાલ દેસાઈના સ્મરણાર્થે શિક્ષણ સહાય નિધિ અર્થે.
- ૧,૦૦૧/- ચંદ્રવદન હરિભાઈ દેસાઈ - મોટાવરાછા તરફથી જનરલ ફંડ અર્થે.
- ૨,૫૦૦/- કિરીટકુમાર બાપુભાઈ દેસાઈ વાવ તરફથી તબીબી સહાય અર્થે.
- ૨,૫૦૦/- દેવેન દેસાઈ તથા વિનય દેસાઈ વાવ તરફથી શિક્ષણ સહાય અર્થે.
- ૧,૦૦૧/- ગિરીશ રતિલાલ દેસાઈ દિહેણ-મુંબઈ તરફથી તબીબી સહાય અર્થે.
- ૧,૧૦૧/- પ્રમોદરાય (ઠાકોરભાઈ) મણિભાઈ દેસાઈ વલસાડ-દિહેણ તરફથી શિક્ષણ સહાય અર્થે.
- ૨૫,૦૦૧/- મીનાબેન દેવાંગભાઈ દેસાઈ ખરસાડ-આણંદ તરફથી મિલકત નિભાવ, મરામત-રંગરોગાન અર્થે.
- ૭,૫૦૦/- રણજીત ધીરજલાલ દેસાઈ અટકપારડી-મુંબઈ તરફથી ખેતીવાડી પંપ સેટ અર્થે.
- ૭,૫૦૦/- કુમારી બંસી અજીતભાઈ દેસાઈ ધમડાચી-મુંબઈ તરફથી ખેતીવાડી પંપ સેટ અર્થે.
- ૧,૦૦૦/- એક શિવ ભકત તરફથી પૂજા અર્ચન નિધિ અર્થે.
- ૭,૫૦૦/- કુંજન સમીરભાઈ દેસાઈ ધમડાચી-મુંબઈ તરફથી ખેતીવાડી પંપ સેટ અર્થે.
- ૭,૫૦૦/- હેમાંગીની રણજીતભાઈ દેસાઈ અટકપારડી-મુંબઈ તરફથી ખેતીવાડી પંપ સેટ અર્થે.
- ૨,૫૦૦/- ગં.સ્વ. સવિતાબેન રઘુનાથજી નાયક કાશીફળિયુ, તલિયારા. સુપુત્રો તરફથી પૂજન અર્ચન નિધિ અર્થે.
- ૫,૦૦૦/- જતિન રવિન્દ્રનાથ દેસાઈ બાલદા, તા.પારડી તરફથી શ્રી જનરલ ફંડ અર્થે.
- ૧,૦૦૧/- ભારતીબેન અજીતરાય દેસાઈ કલથાણ-નવસારી તરફથી શ્રી જનરલ ફંડ અર્થે.
- ૧,૦૦૧/- હર્ષલ નરેન્દ્રભાઈ દેસાઈ નવસારી તરફથી સ્વ. ગીતાબેન નરેન્દ્રભાઈ દેસાઈના સ્મરણાર્થે. તબીબી સહાય અર્થે.
- ૫,૫૦૦/- પ્રતાપરાય ધીરૂભાઈ દેસાઈ નવસારી તરફથી સ્વ. ઉર્મિલાબેન ધીરૂભાઈ દેસાઈ. ખરસાડકરના સમરણાર્થે તબીબી સહાય નિધિ અર્થે.
- ૫,૫૦૦/- હંસાબેન પ્રતાપરાય દેસાઈ નવસારી તરફથી સ્વ. ઉર્મિલાબેન ધીરૂભાઈ દેસાઈ. ખરસાડકરના સમરણાર્થે વિધવા સહાય નિધિ અર્થે.

# આપણા મંડળો

## શ્રી બિલીમોરા વિભાગ અનાવિલ મંડળ, બિલીમોરા

શ્રી બિલીમોરા વિભાગ અનાવિલ મંડળની તા. ૧૯-૦૩-૨૦૧૮ના રોજ નવી વરણી થયેલા ૨૦ કારોબારી સભ્યોની મીટિંગ મળી હતી જેમાં બે વર્ષ માટે હોદ્દેદારોની પસંદગી કરવામાં આવી.

પ્રમુખશ્રી મનીષભાઈ હર્ષદરાય દેસાઈ, ઉપપ્રમુખશ્રી જયોતિન્દ્રભાઈ મોહનલાલ દેસાઈ, મંત્રીશ્રી રાજેશ (શંકર) નટવરલાલ દેસાઈ, સહમંત્રીશ્રી નિમેષભાઈ મોહનલાલ દેસાઈ, ખજાનચીશ્રી દર્શનભાઈ જીતેન્દ્રભાઈ દેસાઈ

- રાજેશ એન. દેસાઈ, મંત્રી

## સ્વ. શ્રી ઠાકોરભાઈ ગુલાબભાઈ મહેતા મેમોરિયલ ટ્રસ્ટ, નવસારી

તા. ૨૮-૦૩-૨૦૧૮ના રોજ ઠાકોરવાડી ખાતે સમાજની ૧૫૦થી વધુ બહેનોને આર્થિક સહાયના ચેક આપવામાં આવ્યા, સાથે રોટરી આઇ હોસ્પિટલ દ્વારા આંખના નિદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે મુંબઈથી ટ્રસ્ટી શ્રી ઠાકોરભાઈ નાયક ઉપસ્થિત રહયા હતા. ટ્રસ્ટી શ્રી ગિરીશભાઈ, શ્રી શેખરભાઈ તથા શ્રી મુકેશભાઈએ હાજર રહી સંસ્થાની વિગતવાર માહિતી આપી હતી. આ સંસ્થા દ્વારા ચાલીસ વર્ષ કરતાં વધુ વર્ષોથી સમાજ ઉપયોગી કાર્યો થાય છે.

- મહાદેવ દેસાઈ, પ્રમુખ

**યોગાનંદ સરસ્વતી ગાંડા મહારાજ પુણ્યતિથિ :** શ્રી શુકલેશ્વર તીર્થધામ, અનાવલે ફાગણ વદ બારસને તા. ૧૪-૦૩-૨૦૧૮ને બુધવારે કારોબારી સદસ્ય શ્રી પંકજભાઈ ઠા. નાયકના યજમાન પદે પૂજન અર્ચન થયા. પૂજાવિધિમાં પ્રમુખ શ્રી સુમંતરાય મો. નાયક-પોંસરા, ખજાનચી શ્રી જયેશભાઈ બી. નાયક-વેગામ, કારોબારી સદસ્ય શ્રી દિલીપભાઈ ધી. દેસાઈ-વડોદરા તથા શ્રી પ્રમોદભાઈ મ. નાયક-અમલસાડ હાજર રહયા હતા. આરતી, મહાપ્રસાદ, થાળ ભકિતભાવથી થયા.

**માસિક શિવરાત્રી :** શ્રી શુકલેશ્વર તર્થધામ, અનાવલે ફાગણ વદ તેરસને તા. ૧૫-૦૩-૨૦૧૮ને ગુરુવારે શ્રી કાળાભાઈ ભાણાભાઈ વશી પરિવાર ધમડાછાના યજમાન પદે પૂજન અર્ચન થયા. આરતી, મહાપ્રસાદ, થાળ, અભિષેક ભકિતભાવથી શ્રી શુકલેશ્વરદાદાને ચરણે અર્પણ થયા.

**ભૂલ સુધાર ક્ષમા યાચના :** જય શુકલેશ્વર એપ્રિલ ૨૦૧૮ પાના નં. ૬૮ ઉપર નોંધ : એરૂ ગામે જમીન છે / રૂષભ એપ્રિલ-૨૦૧૮માં ભારત આવશે એમ વાંચવું.

**સૂચના : શ્રી શુકલેશ્વર મહાદેવ મંડળ દ્વારા આયોજીત કાળ સર્પ વિધિ તા. ૧૩/૦૬/૨૦૧૮ના રોજ રાખેલ છે. વધુ માહિતી માટે જુઓ પાના નં. ૮૧**

**શ્રી શુકલેશ્વર મહાદેવ મંડળમાં વિવિધ કાર્ય અર્થે દાન સ્વીકાર્ય છે.**

# અભિનંદન



## ચિ. કુશ

ગામ ચીખલી હાલ અમદાવાદ, ૩૧/એ, ટ્રસ્ટનગર સોસાયટી, નવા શારદામંદિર રોડ, અમદાવાદ નિવાસી મીનળ તથા પરેશ પ્રદ્યુમ્ન દેસાઈના સુપુત્ર ચિ. કુશે *Arizona State Board of Accontancy* ની પરીક્ષા *Certified Public Accountant (AICPA, USA)* ની ડિગ્રી ૮૭ ટકા માર્કસ સાથે પ્રથમ પ્રયત્ને પાસ કરેલ છે. આ પહેલા તેણે ભારતની *Chartered Accountancy (ACA,.ICAI, India)* ની પરીક્ષા પણ પ્રથમ પ્રયત્ને ૬૧ ટકા માર્કસ સાથે મે ૨૦૧૩ માં પાસ કરેલ હતી.

હાલમાં તે *KPMG (Big Four), International Firm Banglore* ખાતે *Asst Manager-Tax & Regulatory Services, Deal Advisory, Mergers & Acquisitions and Private Equity* ખાતે છેલ્લા ૨.૫ વર્ષથી કાર્યરત છે. ચિ. કુશે આ બંને પરીક્ષા ખૂબ જ ધ્યેય, એકાગ્રતા, કઠોર પરિશ્રમ તથા ઊંડી જ્ઞાન પિપાસા તથા પિતા પરેશના માર્ગદર્શન હેઠળ હાંસલ કરેલ છે. તેની આ સિદ્ધિ બદલ સમગ્ર કુટુંબીજનો ગૌરવની લાગણી અનુભવીએ છીએ તથા તેને ખૂબ ખૂબ અભિનંદન અને હાર્દિક આર્શીવાદ સાથે તેના ક્ષેત્રમાં હજુ આગળ વધે / પ્રગતિ કરે તે બદલ અંતરની શુભેચ્છા સહ.

**-: શુભેચ્છા સહ:-**

સ્વ. સુશીલા તથા પ્રદ્યુમ્ન દેસાઈ *(Pbhai)* (દાદા તથા દાદી) અમદાવાદ
ડૉ. તારાબેન તથા ડૉ. અરવિંદભાઈ દેસાઈ (આજીબા તથા આજાબાપા) નવસારી
શ્રીમતિ મીનળ તથા શ્રી પરેશ દેસાઈ (માતા તથા પિતા) અમદાવાદ
શ્રીમતિ નીતા તથા શ્રી હિરેન મેહતા (માસી તથા માસાજી) *USA*
ટેલિ. નં. : ૯૯૦૪૩ ૮૪૧૬૫/ ૮૯૮૦૬ ૨૦૦૦૭/ ૯૧૭૩૯ ૨૩૩૦૬/ ૨૬૭-૪૬૭-૩૦૪૭ *(USA)*

જ્યાં મહત્તા પ્રેમની સમજાય છે, સૂક્ષ્મતાથી જો ક્ષણો મલકાય છે.
જ્યાં સફળતા સ્નેહ સંગાથે છે, તો ભીતરે સોડમ સુખની પથરાય છે.

શુભ લગ્ન
તા. ૧૨-૫-૧૯૭૪

એનીવર્સરી
તા. ૧૨-૫-૨૦૧૮


શ્રી પ્રવિણભાઈ ટી. દેસાઈ

**૪૪ મી**
મેરેજ એનીવર્સરી
નિમિત્તે


શ્રીમતી પારૂલબેન પી. દેસાઈ

અઢી અક્ષરનો 'લગ્ન' + અઢી અક્ષરનો 'પ્રેમ' = દાંપત્યજીવનમાં સદા માટે 'પરમાનંદ' વ્યાપી રહે છે. મારા મમ્મી - પપ્પાએ સદા એકમેકને અનુકૂળ રહી, એકમેકના સુખની ચાહના રાખી, પરિવાર માટેસદા સ્નેહ, સમજણ અને સમર્પણનો ભાવ રાખી એટલી સરળતાથી લગ્નજીવનને સફળ બનાવ્યું છે કે એમના એ પ્રસન્ન દાંપત્યની સુવાસથી અમારો આખો પરિવાર મઘમઘી રહ્યો છે.



એમના સંતુષ્ટ અમીમય દાંપત્યના ૪૪ માં વર્ષમાં પ્રવેશના
સોહામણા મંગલમય અવસર પર
અમારી ૧૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૧
વધાઈ અને વંદન - **રોનક પી. દેસાઈ**

૧, આગમ ફ્લેટ્સ, સુરજ પાર્ટી પ્લોટ સામે, લાવણ્ય સોસાયટી રોડ, વાસણા, અમદાવાદ - ૩૮૦૦૦૭
મો. ૯૭૨૫૧૫૯૩૧૪, ૭૨૨૬૮૮૫૩૦૫, ફોન (૦૭૯) ૨૬૬૪૦૫૮૯

ANAVAL OFFICE 7808 MAY 2018

# અગત્યની નોંધ

**જય શુક્લેશ્વર માસિક માટેના કોઈ પણ સમાચાર જેવા કે જન્મ, યજ્ઞોપવિત, શુભલગ્ન, પ્રકીર્ણ, અવસાન (મૂળ વતન, હાલ કયાં રહો છો, આખુ નામ અટક સાથે ઉંમર, તારીખની વિગતો સંપૂર્ણ હોવી જરૂરી છે.) વગેરે જય શુક્લેશ્વરમાં છપાય છે તે મુજબ જ એ-૪ પેપરમાં ટાઈપ કરેલ માહિતીને જ સ્થાન આપવામાં આવશે. મિત્રો... પ્રેસની કામગીરીમાં સહયોગ આપવા વિનંતી... જેથી ભૂલો નિવારી શકાય.**

# શનિદેવ જયંતી

વૈશાખ વદ અમાસ
તા. ૧૫-૦૫-૨૦૧૮

દરેક મનુષ્યના જીવનમાં અઢી વર્ષ અને સાડાસાત વર્ષની શનિની પનોતી આવતી હોય છે. જેનાથી ગભરાવવાની જરાપણ જરૂર નથી. શનિ ચાલીસાના પાઠ કરવાથી પણ શાંતિ થાય છે.

અહંકાર અને અભિમાન છોડી નમ્ર બની શનિદેવની આરાધના કરવામાં આવે તો શનિદેવ મનુષ્યનો ઉદ્ધાર કરતા આવેલા છે. શનિદેવ અને હનુમાનજીના ભકતોને કોઈ દિવસ તકલીફ પડતી નથી. જીવન ધન્ય બની જાય છે. શનિદેવની ઉત્પતિ અને શનિદેવ શિંગણાપુર વિષેની જાણકારી માટે માહિતી પ્રગટ કરી છે.

કહેવાય છે કે રાજા રાવણે નવે ગ્રહોને પોતાના પલંગમાં કેદ કરેલા, હનુમાનદાદાએ લંકાદહન વખતે એમને છોડાવતાં શનિદેવે વરદાન આપેલું કે જ મનુષ્ય હનુમાનદાદાની ભકિત કરશે એમને શનિની પનોતીની અસર રહેશે નહીં.

દક્ષની પુત્રી સંજ્ઞા અને સૂર્યનારાયવ ભગવાનના પુત્ર શનિ અને યમ. સંજ્ઞા સૂર્યનારાયણનું તેજ સહન ન કરી શકી જેથી તેણે તેની છાયા સ્ત્રી ઉન્ત્પન્ન કરી પોતાની જગ્યાએ છાયાને મૂકી ઘોડીના સ્વરૂપે હિમાલયમાં તપ કરવા ચાલી ગયેલા.

છાયાએ સૂર્યનારાયણ અને બંતે પુત્રોની સેવા ઘણી સારી રીતે કરેલી. એક દિવસ છાયા પૂજાકરતા હતા. શનિદેવે ખાવાનું માગ્યું. પૂજા પૂરી થયા બાદ આપવા જણાવ્યું જેથી શનિદેવ છાયા ઉપર લાતોનો પ્રહાર કર્યો. છાયાએ શ્રાપ આપ્યો કે તારો પગ ખોડો થઈ જશે. શનિદેવ પિતા સૂર્યનારાયણને ફરિયાદ કરી. સૂર્યનારાયણએ ધ્યાનસ્થ થઈ જોયું તો છાયા એની માતા સમાન ગણાય. તારો પગ તૂટશે નહીં પરંતુ વાંકો રહેશે જેથી શનિદેવ લંગડા થયા. ધીમી ગતિએ ચાલે એક રાશીમાં અઢી અને સાડા સાત વર્ષ રહે. જેમની ભકિત કરવાથી ઘણી રાહત થાય. વધુ ખાત્રી કરવા શનિદેવ શિંગણાપુરનાદ દર્શન કરવા.

ઈ.સ. ૧૮૪૦ માં અહમદનગર જિલ્લામાં ઘણો વરસાદ આવતાં શિંગણપુરમાં પૂર આવ્યું. નજીકમાં પાનસ નામે કોતરમાં એક શિલા (પથ્થર) ખેંચાવા આવી. ઝાડ સાથે અથડાઈ, પૂર ઉતરી જતાં ગોવાળીયા તેના પર બેસતા. લાકડી ઠોકતા. લાકડી ઠોકતાં લોહી જેવું પ્રવાહી નીકળ્યું. લોકો નવાઈ પામતા.

એક શ્રધ્ધાળુએ સ્વપ્ન આવ્યું કે આ શિલા (પથ્થર) નથી પરંતુ સાક્ષાત શનિદેવ છે. ગામમાં લઈ જઈ સ્થાપન કરો. ઘણા પ્રયત્નો કરવા છતાં શનિદેવ ન ખસ્યા. પાછું સ્વપ્ન આવ્યુ કે મને લઈ જનરા માણસ અને બળદગાડાના બંને બળદ સગા મામા ભાણેજ હોવા જોઈએ. જે રીતે લઈ જતા સહેલાઈથી ખસ્યા. અત્યારે જયાં સ્થાનક છે ત્યાં જ અટકયાં.

ખુલ્લા આકાશ નીચે કોઈ પણ જાતના છત વગર શનિ મહારાજ આરસપણાણના ચબૂતરા પર બિરાજમાન છે. ચંદરવો કે ઝાડનો છાયા પણ એમને ગમનો નથી. મંદિર બાંધવા ઘણી વખત પ્રયત્ન કરતાં નિષ્ફળ ગયેલ છે. આખી દુનિયાના ઘણા ભકતો અહીં આવે છે. ૧૧ વર્ષથી મોટી અને ૫૦ વર્ષથી નાની ઉંમરની બહેનો શનિ મહારાજની પૂજા કરી શકતી નથી. બાઈઓએ ભીના વસ્ત્રોથી પીતાંબર (અબોટીયું) પહેરીને પૂજા કરવાની હોય છે. માથા ઉપર કોઈ જાતનું વસ્ત્ર રાખવાનું નથી.

શનિની પનોની ચાલતી હોય ત્યારે ૨૩ હજાર જપ કરવાના હોય છે. જે સંધ્યાકાળે કરવા શનિવારે શરૂ કરી શુક્રવાર સુધીમાં પૂરા કરવા. શનિવારે ચોથા ભાગના જપનો હવન કરવો અથવા સાત હજાર જપ વધારે કરવા. શનિદેવને ઓછામાં ઓછું સવાછટાક (૫૫ ગ્રામ) તેલનો અભિષેક કરવો.

બ્રાહ્મણને તલ, અડદ, ભેંસ, લોઢું, તેલ, કાળાં વસ્ત્ર, નીલમ, કાળીગાય, જૂતા, કસ્તુરી, સુવર્ણનું દાન કરવું.

શનિ મહારાજનો ટૂંકો મંત્ર
|| ૐ શં શનૈશ્ચરાય નમઃ ||

નરેન્દ્ર ઠાકોરભાઈ દેસાઈ
ખરોલી ગાયત્રી પરિવાર શાખા

# શ્રી અનાવિલ સંસ્કાર ટ્રસ્ટ, નવસારી

(ટ્રસ્ટ રજી. નં. ઈ-૧૫૨૫-વલસાડ)

**શ્રી રતનજી દુર્લભભાઈ પટેલ અનાવિલ સંસ્કાર ભવન**

**'સ્વપ્નલોક', કાલીયાવાડી પૂલ પાસે, નવસારી.**

**PHONE: 99248 91872, 02637-254034**

www.anavilsanskartrust.org anavilsanskartrust@gmail.com

## શ્રી અનાવિલ સંસ્કાર ટ્રસ્ટ ની પ્રવૃતિઓ

- અનાવિલ મહિલા ગૃહ ઉદ્યોગ
- અનાવિલ અતિથિ ગૃહ
- અનાવિલ ઉદ્યોગ વિકાસ
- રાહતદરે સેમીનાર હોલ અને કોન્ફરન્સ હોલ
- અનાવિલ વિધવા સહાય
- અનાવિલ તબીબી સહાય
- અનાવિલ મેળો - વાનગી મેળો
- અનાવિલ ગરબા સ્પર્ધા, ભજન સ્પર્ધા, લગ્નગીત સ્પર્ધા, ખાયણા સ્પર્ધા, અંતાક્ષરી સ્પર્ધા
- અનાવિલ મહિલા સહાયક શિક્ષણ
  કુકીંગ ક્લાસ, કોમ્પ્યુટર ક્લાસ, સ્પોકન ઈંગ્લીશ ક્લાસ
- અનાવિલ બાળ વિકાસ પ્રવૃતિઓ
  બાળ વાર્તા, દાદીમાં ની વાર્તા, કહેવત વિશ્વ, વકતૃત્વ, ક્વીઝ, લીડરશીપ કેમ્પ, ચિત્રકામ, મહેંદી, ફેન્સી ડ્રેસ, અલુણા સ્પર્ધા, બાળ રમતો
- સાદાઈ થી લગ્ન અને બેસણા માટે વિનામૂલ્યે હોલ

## હોદેદારો

શ્રી મહાદેવભાઈ આર. દેસાઈ - પ્રમુખ
શ્રી હાર્દિક આર. નાયક - મંત્રી
શ્રી ગીરીશભાઈ એચ. દેસાઈ - ઉપપ્રમુખ
શ્રી પ્રકાશભાઈ આઈ. દેસાઈ - સહમંત્રી
શ્રીમતિ ગીતાબેન એન. નાયક - કોષાધ્યક્ષ

## સૌજન્ય દાતાશ્રીઓ

શ્રી ધીરુભાઈ ગુલાબભાઇ મહેતા - અતિથિ ભવન
શ્રી ડો. રતિલાલ ગોપાળજી દેસાઈ - સભાગૃહ
શ્રીમતિ લીલાવતીબેન અને શ્રી છોટુભાઈ ભીમભાઇ દેસાઈ - શૈક્ષણિક પ્રવૃત્તિ કેન્દ્ર
શ્રીમતિ બટુબેન અને શ્રી જસવંતરાય હરરાય દેસાઈ - મહિલા પ્રવૃત્તિ કેન્દ્ર
શ્રી અજિતરાય ભીમભાઇ દેસાઈ - યુવા પ્રવૃત્તિ કેન્દ્ર
શ્રીમતિ રમણકાન્તાબેન અજિતરાય દેસાઈ - બાલ પ્રવૃત્તિ કેન્દ્ર
શ્રીમતિ ઇચ્છાબેન ભગવાનજી વશી - તબીબી સહાય કેન્દ્ર
શ્રી રમેશચંદ્ર ભીખુભાઈ દેસાઈ (દાંડીવાલા) - ભોજનખંડ
શ્રી બી. એન. દેસાઈ (દાંડીવાલા) - સેમિનાર હોલ





# સમૂહ કાળસર્પ દોષ વિધિ

## શ્રી શુકલેશ્વર ધામ - અનાવલ

શ્રી શુકલેશ્વર મહાદેવ મંડળ, અનાવલના ઉપક્રમે કાળસર્પ દોષ અંગેની વિધિનું સમુહમાં આયોજન કાવેરી નદીના કિનારે શ્રી શુકલેશ્વર મહાદેવના સાનિધ્યમાં મંડળના વિદ્વાન ભૂદેવ શ્રી પંકજભાઈ જોષી ધનોરીવાળાના આચાર્ય પદે તેમના સાથી ભૂદેવો દ્વારા તા.૧૩/૦૬/૨૦૧૮, અધિક જેઠ વદ બુધવારી અમાસના રોજ રાખવામાં આવી છે. તો આ વિધિ કરવા ઈચ્છા ધરાવનાર ભાઈ-બહેનોને જણાવવાનું કે આપનું નામ તા.૦૧/૦૬/૨૦૧૮ પહેલા નીચે જણાવ્યા પ્રમાણે સંપર્ક સાંધી નોધાવવું.

વધુ માહિતી માટે શ્રી શુકલેશ્વર મહાદેવ મંડળ, અનાવલ કાર્યાલયનો સંપર્ક સાંધવો.

૧. શ્રી શુકલેશ્વર મહાદેવ મંડળ :
મુ. શ્રી શુકલેશ્વર ધામ, પો.અનાવલ, તા. મહુવા, જી.સુરત ૩૯૬ ૫૧૦
ફોન : ૦૨૬૨૫ ૨૫૨૨૪૦, ૨૫૨૧૨૮, ૨૯૦૦૫૫
મો. ૯૪૨૬૨ ૧૫૨૪૦

૨. શ્રી પંકજભાઈ જોષી :
મુ.પો. ધનોરી, તા.ગણદેવી, જી. નવસારી
મો. ૯૮૭૯૫ ૬૨૯૪૩

નોંધ : એક વ્યક્તિની વિધિ કરાવવા માટે રૂ.૨૧૦૦/- દક્ષિણા, પૂજાવિધિ ખર્ચ, પૂજા સામગ્રી તથા રહેવા જમવાની વ્યવસ્થા માટે આપવાના રહેશે. આ વ્યવસ્થા કુટુંબના વધુમાં વધુ સાત સભ્યો પુરતી મર્યાદિત રહેશે. આ વિધિમાં અમાસની શાંતિ, ગંડદોષ, કાળસર્પ દોષ શાંતિની વિધિ કરવામાં આવશે. કાળસર્પ દોષ વિધિ કરાવનારે જન્મકુંડળી તથા જૂના કપડાંની એક જોડી લાવવી.

# શ્રી શુકલેશ્વર મહાદેવ મંડળ–અનાવલ
# દાન અંગેની જાહેર અપીલ

શ્રી શુક્લેશ્વર મહાદેવ મંડળ અનાવલ ખાતે આવેલ મકાનો જેવા કે ઓફિસ, ટ્રસ્ટીઆવાસ (બર્માભુવન), સેમીરૂમો, વી.આઈ.પી. રૂમો, ગાંડામહારાજ હોલ, કેન્ટીન, ગોડાઉન, રસોડુ, ધ્યાનકુટિર તથા પાણીની ટાંકી વગેરેની દુરસ્તી તથા રંગ કામ કરવાનું જરૂરી છે. જેનો અંદાજિત ખર્ચ રૂપિયા ૪૦,૦૦,૦૦૦/– (અંકે રૂપિયા ચાલીસ લાખ) થાય છે.

આપ સૌ અનાવિલો આ ઉમદા કાર્યમાં ઉદાર હાથે આર્થિક સહયોગ આપશો એવી હમારી નમ્ર વિનંતી છે. શ્રી શુકલેશ્વરદાદાના આશીર્વાદ આપ સૌ ઉપર સદા રહે એવી અભ્યર્થના.

રૂપિયા ૨૫,૦૦૧/– થી રૂપિયા ૫૦,૦૦૦/– સુધીના દાન આપનાર દાતાઓના નામ ની સામૂહિક નામાવલી કારોબારી સમિતિએ નકકી કરેલ જગ્યાએ અને નીતી નિયમોને આધીન લગાવવામાં આવશે.

રૂપિયા ૫૧,૦૦૧/– કે તેથી વધુ રકમના દાન આપનાર દાતાઓની વ્યકિતગત તકતી કારોબારી સમિતિએ નકકી કરેલ જગ્યાએ અને નીતી નિયમોને આધીન લગાવવામાં આવશે.

આ અંગે વધુ માહિતી માટે સંસ્થાના પદાધિકારીઓનો સંપર્ક કરવા નમ્ર વિનંતી છે.

ટ્રસ્ટીશ્રી/પ્રમુખશ્રી/મંત્રીશ્રી અને કારોબારી સભ્યો
શ્રી શુકલેશ્વર મહાદેવ મંડળ, અનાવલ